**Investor Grievance E-mail:** complaint@damcapital.in
**Website:** www.damcapital.in
**Contact Person:** Aanchal Wagle/ Jay Shah
**SEBI Registration No.:** MB/INM000011336

**Goldman Sachs (India) Securities Private Limited**
9th and 10th Floor, Ascent-Worli
Sudam Kalu Ahire Marg, Worli, Mumbai - 400 025
Maharashtra, India
**Tel:** +91 22 6616 9000
**E-mail:** jioipo@gs.com
**Investor Grievance E-mail:** india-client-support@gs.com
**Website:** www.goldmansachs.com
**Contact Person:** Saurav S
**SEBI Registration No.:** INM000011054

**HDFC Bank Limited**
**Investment Banking Group**
Unit no. 701, 702 and 702-A, 7th Floor, Tower 2 and 3
One International Centre, Senapati Bapat Marg, Prabhadevi
Mumbai - 400 013, Maharashtra, India
**Tel:** +91 22 3395 8233
**E-mail:** jioplatforms.ipo@hdfc.bank.in
**Investor Grievance E-mail:** investor.redressal@hdfcbank.com
**Website:** www.hdfc.bank.in
**Contact Person:** Bharti Ranga/ Souradeep Ghosh
**SEBI Registration No.:** INM000011252

**HSBC Securities and Capital Markets (India) Private Limited**
52/60, Mahatma Gandhi Road, Fort, Mumbai - 400 001
Maharashtra, India
**Tel:** +91 22 6864 1289
**E-mail:** jplipo@hsbc.co.in
**Investor Grievance E-mail:** investorgrievance@hsbc.co.in
**Website:** www.business.hsbc.co.in
**Contact Person:** Harsh Thakkar/ Harshit Tayal
**SEBI Registration No.:** INM000010353

**ICICI Securities Limited**
Appasaheb Marathe Marg, Prabhadevi, Mumbai - 400 025
Maharashtra, India
**Tel:** +91 22 6807 7100
**E-mail:** jioplatforms.ipo@icicisecurities.com
**Investor Grievance E-mail:** customercare@icicisecurities.com
**Website:** www.icicisecurities.com
**Contact Person:** Ramesh Vaswana / Soumavo Sarkar
**SEBI Registration No.:** INM000011179

**IIFL Capital Services Limited**
**(formerly known as IIFL Securities Limited)**
24th Floor, One Lodha Place
Senapati Bapat Marg, Lower Parel (West), Mumbai - 400 013
Maharashtra, India
**Tel:** +91 22 4646 4728
**E-mail:** jio.ipo@iiflcap.com
**Investor Grievance E-mail:** ig.ib@iiflcap.com
**Website:** www.iiflcapital.com
**Contact Person:** Gaurav Mittal/ Pawan Kumar Jain
**SEBI Registration No.:** INM000010940

**Jefferies India Private Limited**
Level 16, Express Towers
Nariman Point, Mumbai - 400 021, Maharashtra, India
**Tel:** +91 22 4356 6000
**E-mail:** Jio.Platforms.IPO@jefferies.com
**Investor Grievance E-mail:** jipl.grievance@jefferies.com
**Website:** www.jefferies.com
**Contact Person:** Akshat Shah/ Meghna Biju
**SEBI Registration No.:** INM000011443

**JM Financial Limited**
7th Floor, Cnergy, Appasaheb Marathe Marg
Prabhadevi, Mumbai - 400 025, Maharashtra, India
**Tel:** +91 22 6630 3030
**E-mail:** jpl.ipo@jmfl.com
**Investor Grievance E-mail:** grievance.ibd@jmfl.com
**Website:** www.jmfl.com
**Contact Person:** Prachee Dhuri
**SEBI Registration No.:** INM000010361

**J.P. Morgan India Private Limited**
J.P. Morgan Towers
Off C.S.T Road, Kalina, Santacruz (East),
Mumbai - 400 098 Maharashtra, India
**Tel:** +91 22 6157 3000
**E-mail:** JIO_IPO@jpmorgan.com
**Investor Grievance E-mail:** investorsmb.jpmipl@jpmorgan.com
**Website:** www.jpmipl.com
**Contact Person:** Shivam Goel/ Rishank Chheda
**SEBI Registration No.:** INM000002970

**SBI Capital Markets Limited**
1501, 15th Floor, A & B Wing, G Block,
Parinee Crescenzo, Bandra Kurla Complex,
Bandra (East), Mumbai - 400 051 Maharashtra, India
**Tel:** +91 22 4006 9807
**E-mail:** jio.ipo@sbicaps.com
**Website:** www.sbicaps.com
**Investor Grievance E-mail:** investor.relations@sbicaps.com
**Contact Person:** Krithika Shetty/ Prashant Patankar
**SEBI Registration No.:** INM000003531

**UBS Securities India Private Limited**
Unit 2901, Level 29, Altimus,
Dr. GM Gokhale Marg /
Pandurang Budhkar Road,
Worli, Mumbai - 400 018, Maharashtra, India
**Tel:** +91 22 6155 6000
**E-mail:** OL-jioipo@ubs.com
**Website:** www.ubs.com/indiaoffers
**Investor Grievance E-mail:** igbmindia@ubs.com
**Contact Person:** Vidhit Patni
**SEBI Registration No.:** INM000013101

**360 ONE WAM Limited**
360 ONE Centre, Kamala City
Senapati Bapat Marg, Lower Parel (West),
Mumbai - 400 013 Maharashtra, India
**Tel:** +91 22 4031 7000
**Email:** jioplatforms.ipo@360.one
**Investor Grievance E-mail:** mbinvestorcomplaints@360.one
**Website:** www.360.one
**Contact Person:** Devesh Patkar
**SEBI Registration No.:** INM000012801

### REGISTRAR TO THE ISSUE

**KFin Technologies Limited**
Selenium Tower-B, Plot No. 31 & 32, Gachibowli,
Financial District, Nanakramguda, Serilingampally
Hyderabad - 500 032, Telangana, India
**Tel:** + 91 40 6716 2222/ 1800 309 4001
**E-mail:** jioplatforms.ipo@kfintech.com
**Investor Grievance E-mail:** einward.ris@kfintech.com
**Website:** www.kfintech.com
**Contact Person:** Williams R
**SEBI Registration No.:** INR000000221

| Company Secretary | Compliance Officer |
|---|---|
| Ms. Savithri Parekh | Mr. Venkataraman Ramachandran |

TC-22, 5th Floor, A Wing, Reliance Corporate Park,
Thane Belapur Road, Ghansoli,
Navi Mumbai 400 701Maharashtra, India
**Tel:** +91 22 7967 0000
**E-mail:** jpl.investorrelations@jio.com

**Investors may contact the Company Secretary or Compliance Officer or the Registrar to the Issue in case of any pre-Issue or post-Issue related grievances including non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders or non-receipt of funds by electronic mode, etc. For all Issue related queries and for redressal of complaints, investors may also write to the BRLMs.**

*Continued on next page...*

*...continued from previous page.*

**AVAILABILITY OF THE RHP:**

Investors are advised to refer to the RHP and the section titled **"Risk Factors"** on page 30 of the RHP, before applying in the Issue. A copy of the RHP is made available on website of SEBI at **www.sebi.gov.in**, websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at **www.bseindia.com** and **www.nseindia.com**, respectively, and on the website of the Company at **https://www.jio.com**; and on the websites of the BRLMs, i.e. **Kotak Mahindra Capital Company Limited** – https://investmentbank.kotak.com; **Morgan Stanley India Company Private Limited** – https://www.morganstanley.com/india; **BofA Securities India Limited** – https://business.bofa.com/bofasindia; **Axis Capital Limited** – www.axiscapital.co.in; **BNP Paribas** – www.bnpparibas.co.in; **Citigroup Global Markets India Private Limited** – www.citigroup.com/global/about-us/global-presence/india/regulatory-disclosures-investment-banking; **CLSA India Private Limited** – www.india.clsa.com; **DAM Capital Advisors Limited** – www.damcapital.in; **Goldman Sachs (India) Securities Private Limited** – www.goldmansachs.com; **HDFC Bank Limited** – www.hdfc.bank.in; **HSBC Securities and Capital Markets (India) Private Limited** – www.business.hsbc.co.in; **ICICI Securities Limited** – www.icicisecurities.com; **IIFL Capital Services Limited** – www.iiflcapital.com; **Jefferies India Private Limited** – www.jefferies.com; **JM Financial Limited** – www.jmfl.com; **J.P. Morgan India Private Limited** – www.jpmipl.com; **SBI Capital Markets Limited** – www.sbicaps.com; **UBS Securities India Private Limited** – www.ubs.com/indiaoffers; **360 ONE WAM Limited** – www.360.one;.

**AVAILABILITY OF THE ABRIDGED PROSPECTUS:**

A copy of the abridged prospectus is made available on the website of the Company, the BRLMs and the Registrar to the Issue at **https://www.jio.com/platforms/** ; **Kotak Mahindra Capital Company Limited** – https://investmentbank.kotak.com; **Morgan Stanley India Company Private Limited** – https://www.morganstanley.com/india; **BofA Securities India Limited** – https://business.bofa.com/bofasindia; **Axis Capital Limited** – www.axiscapital.co.in; **BNP Paribas** – www.bnpparibas.co.in; **Citigroup Global Markets India Private Limited** – www.citigroup.com/global/about-us/global-presence/india/regulatory-disclosures-investment-banking; **CLSA India Private Limited** – www.india.clsa.com; **DAM Capital Advisors Limited** – www.damcapital.in; **Goldman Sachs (India) Securities Private Limited** – www.goldmansachs.com; **HDFC Bank Limited** – www.hdfc.bank.in; **HSBC Securities and Capital Markets (India) Private Limited** – www.business.hsbc.co.in; **ICICI Securities Limited** – www.icicisecurities.com; **IIFL Capital Services Limited** – www.iiflcapital.com; **Jefferies India Private Limited** – www.jefferies.com; **JM Financial Limited** – www.jmfl.com; **J.P. Morgan India Private Limited** – www.jpmipl.com; **SBI Capital Markets Limited** – www.sbicaps.com; **UBS Securities India Private Limited** – www.ubs.com/indiaoffers; **360 ONE WAM Limited** – www.360.one; Registrar to the Issue, **KFin Technologies Limited** – www.kfintech.com., respectively.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORMS:**

Bid cum Application Forms can be obtained from the Registered and Corporate Office of **JIO PLATFORMS LIMITED, Tel**: +91 22 7967 0000; BRLMs: **Kotak Mahindra Capital Company Limited,** Telephone: +91 22 4336 0000**; Morgan Stanley India Company Private Limited,** Telephone: +91 22 6118 1000**; BofA Securities India Limited,** Telephone: +91 22 6632 8000**; Axis Capital Limited,** Telephone: +91 22 4325 2183**; BNP Paribas,** Telephone: +91 22 3370 4000**; Citigroup Global Markets India Private Limited,** Telephone: +91 22 6175 9999**; CLSA India Private Limited,** Telephone: +91 22 6650 5050**; DAM Capital Advisors Limited,** Telephone: +91 22 4202 2500**; Goldman Sachs (India) Securities Private Limited,** Telephone: +91 22 6616 9000**; HDFC Bank Limited,** Telephone: +91 22 3395 8233**; HSBC Securities and Capital Markets (India) Private Limited,** Telephone: +91 22 6864 1289**; ICICI Securities Limited,** Telephone: +91 22 6807 7100**; IIFL Capital Services Limited,** Telephone: +91 22 4646 4728**; Jefferies India Private Limited,** Telephone: +91 22 4356 6000**; JM Financial Limited,** Telephone: +91 22 6630 3030**; J.P. Morgan India Private Limited,** Telephone: +91 22 6157 3000**; SBI Capital Markets Limited,** Telephone: +91 22 4006 9807**; UBS Securities India Private Limited,** Telephone: +91 22 6155 6000**; and 360 ONE WAM Limited,** Telephone: +91 22 4031 7000**; Syndicate Members: HDFC Securities Limited** Tel: +91 2230753400, **Investec Capital Services (India) Private Limited** Tel: + 91 2268497400, **JM Financial Services Limited** Tel: +91 22 6136 3400, **Kotak Securities Limited** Tel: +91 2242858484, **SBICAP Securities Limited** Tel: +91 22 6943 2521, **Sharekhan Limited** Tel: +91 22 6750 2000, **360 ONE Capital Market Private Limited** ***(Formerly known as Batlivala & Karani Securities India Private Limited)*** Tel: + 91 022 40317000 / +91 022 40076000 **and 360 ONE Distribution Services Limited** Tel: 9321332882 and at the select locations of the Sub-syndicate Members (as given below), SCSBs, Registered Brokers, RTAs and CDPs participating in the Issue. Bid cum Application Forms will also be available on the websites of BSE and NSE and the Designated Branches of SCSBs, the list of which is available at websites of the Stock Exchanges and SEBI.

**Sub-Syndicate Members:**

Almondz Global Securities Ltd, Ambit Capital Limited, Ambit Private Limited, Amrapali Capital & Finance Services Limited, Anand Rathi Share & Stock Brokers Limited, Anand Share Consultancy, ANS Pvt Limited, Asit C Mehta Financial Services Limited, Asit C Mehta Investment Intermediates Limited, Axis Securities Limited, Bajaj Financial Securities Limited, Bob Capital Markets Limited, Centrum Broking Limited, Centrum Capital Advisors Limited, Centrum Finverse limited, Centrum Wealth Management Ltd, Choice Equity Broking Private Limited, Dalal & Broacha Stock Broking Pvt Limited, DB(International) Stock Brokers Ltd, Eureka Stock & Share Broking Services Ltd, G Raj & Co. (Consultants) Limited, Globe Capital Market Limited, IDBI Capital Market Services Limited, Inga Ventures Pvt Ltd, Innovate Securities Pvt Limited, Intensive Fiscal Services Private Limited, Jhaveri Securities, Jobanputra Fiscal Services Private Limited, Kalpataru Multiplier Limited, Kantilal Chhaganlal Securities Pvt.Ltd, Keynote Capitals Limited, KJMC Capital Market Services Limited, Lakshmishree Investment & Securities Pvt Limited, LKP Securities Limited, Marwadi Shares & Finance Ltd, Mehta Equities Limited, Monarch Networth Capital Limited, Motilal Oswal Financial Services Limited, Motilal Oswal Securities Limited, Nextbillion Technology Private Limited, Nirmal Bang Securities Pvt Limited, Nuvama Wealth and Investment Limited (Edelweiss Broking Limited ), Nuvama Wealth Management Limited, Pantomath Financial Services Limited, Patel Wealth Advisors Pvt Limited, Paytm, Prabhudas Lilladher Pvt Limited, Pravin Ratilal Share & Stock Brokers Limited, Religare Broking Limited, Religare Securities Limited, Rikhav Securities Ltd, RR Equity Brokers Private Limited, SMC Global Securities Limited, Standard Chartered Securities, Sundae Capital, Sunidhi Securities & Finance Ltd, Sushil Financial Services Pvt. Ltd., Systematix Shares & Stocks (India) Limited, Tanna Financial Services, Tradebulls Securities Private Limited, Trust Securities Limited, Viren M Shah, YES Securities (India) Limited, Zerodha

**Escrow Collection Banks:** Axis Bank Limited and ICICI Bank Limited

**Refund Banks:** Axis Bank Limited and ICICI Bank Limited

**Public Issue Account Banks:** Kotak Mahindra Bank Limited and State Bank of India

**Sponsor Banks:** Axis Bank Limited, ICICI Bank Limited, Kotak Mahindra Bank Limited and State Bank of India

**UPI:** UPI Bidders can also bid through UPI mechanism

Jio Platforms Limited has provided a toll free number to address any queries related to the Issue.

**Toll free number: 1800 309 4001**

You may also address your queries related to the Issue by typing **'Hi'** or **'Hello'** on

**WhatsApp to 7977222222**

**For JIO PLATFORMS LIMITED**
On behalf of the Board of Directors

Sd/-
**Ms. Savithri Parekh**
Company Secretary

Place : Mumbai, Maharashtra
Date : October 22, 2026

All capitalised terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.

**Jio Platforms Limited** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC on October 14, 2026. The RHP is made available on the website of SEBI at www.sebi.gov.in, on the websites of the Stock Exchanges, i.e. BSE at www.bseindia.com and NSE at www.nseindia.com, on the website of the Company at www.jio.com and on the respective websites of the BRLMs. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk, and for details relating to such risk, please see the section titled "**Risk Factors**" on page 30 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on the RHP, as filed with the RoC, for making investment decisions.

This announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares offered in the Issue have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (**"U.S. Securities Act"**) or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws in the United States. Accordingly, the Equity Shares are being offered and sold (i) in the United States solely to "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) in transactions exempt from, or not subject to, the registration requirements of the U.S. Securities Act, or (ii) outside the United States in "offshore transactions," as defined in, and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales occur. There will be no public offering of Equity Shares in the United States.



# સાયન્સ કોર્નર

DGT દમણગંગા ટાઈમ્સ

Vapi Page 04

Friday 23, October 2026


### બાળકોએ ડ્રોન ઉડાડી રોમાંચ માણ્યો

## ડાંગના પીંપરીમાં રોબેટીક્સ વર્કશોપ યોજાયો



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અંતર્ગત કાર્યરત 'ગુજકોસ્ટ (GUJCOST), ગાંધીનગર પ્રેરિત પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-ડાંગ દ્વારા મા. અને ઉ. મા. શાળા, પિંપરી ખાતે વિશેષ રોબોટિક્સ મોડેલ નિદર્શન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત કાર્યક્રમ આચાર્ય અમિતાબેન આર. સોલંકી અને વિજ્ઞાન શિક્ષિકા વૈભવીબેન પી. સોલંકીની ઉપસ્થિતીમાં યોજાયો. કાર્યક્રમના પ્રારંભે આઈ. પી. ઓફિસર મુકેશભાઈ ગાયકવાડે ઉપસ્થિત વિદ્યાર્થીઓને આધુનિક રોબોટિક્સ ટેક્નોલોજી અંગે પ્રાથમિક માહિતી આપી હતી અને હ્યુમેનોઈડ રોબોટ, લાઈન ફોલોવર કાર તથા ડ્રોન જેવા આધુનિક સાધનોનું પ્રદર્શન કરી દૈનિક જીવનમાં તેમજ ભવિષ્યના વિવિધ ક્ષેત્રોમાં તેની ઉપયોગિતા સમજાવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ માત્ર નિદર્શન નિહાળ્યું જ નહીં પરંતુ જાતે રિમોટ કંટ્રોલ વડે હ્યુમેનોઈડ રોબોટ અને લાઈન ફોલોવર કાર ચલાવીને ટેક્નોલોજીનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હતો. આ સાથે વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ડ્રોન પણ ઉડાવ્યા હતા, જેના કારણે સમગ્ર કાર્યક્રમમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. રોબોટિક્સ અને ડ્રોન જેવી આધુનિક ટેક્નોલોજીને નજીકથી સમજવાની અને તેનો પ્રયોગ કરવાની તક મળતા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી પ્રત્યે નવીન ઉત્સુકતા જોવા મળી હતી. આ કાર્યક્રમમાં શાળાના ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વિજ્ઞાન સંવાહક સાગર એસ. વ્યવહારે દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આઈ.પી. ઓફિસર મુકેશભાઈ ગાયકવાડે શાળા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો અને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

### સુરત યુનિવર્સિટીની હોસ્ટેલમાં વિદ્યાર્થીઓની આત્મહત્યા રોકવા સરળ ટેક્નોલોજીનો ઉપયોગ કરાયો

## હોસ્ટેલોમાં વજન આવે તો સિલિંગથી જ છૂટા પડી જાય એવા સ્પ્રિંગવાળા પંખા લગાવાયા

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**



દક્ષિણ ગુજરાતની સૌથી મોટી ગણાતી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓની સુરક્ષા અને આપઘાત નિવારણ માટે એક નવતર પહેલ હાથ ધરવામાં આવી છે.

યુનિવર્સિટીની હોસ્ટેલમાં વિદ્યાર્થીઓના આપઘાતના બનાવો અટકાવવા માટે આધુનિક ટેક્નોલોજીથી સજ્જ ખાસ પ્રકારના પંખા લગાવવામાં આવી રહ્યા છે. આ પંખાઓમાં એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે પાંચ કિલોથી વધુ વજનનો ભાર આવે તો પંખો છત પરથી છૂટો પડી જાય અને તેની સાથે ઈલેક્ટ્રિક કનેક્શન પણ તૂટી જાય. હોસ્ટેલના રૂમમાં લગાવવામાં આવેલા આ ખાસ પંખાઓની છત સાથે જોડાયેલી પાઈપમાં સ્પ્રિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. પંખા પર નિર્ધારિત મર્યાદા કરતાં વધુ ભાર આવતાં પંખો છૂટો પડી જાય તેવી ટેક્નિકલ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત, પંખાનું ઈલેક્ટ્રિક કનેક્શન પણ તૂટી જાય તે રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ વ્યવસ્થાનો મુખ્ય હેતુ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓની સુરક્ષા વધારવાનો અને આપઘાતની ઘટનાઓને અટકાવવાનો છે.વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ટેક્નોલોજીનો ઉપયોગ કરીને કરવામાં આવેલી આ પહેલને આપઘાત નિવારણની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં પ્રથમ વખત આ પ્રકારનો પ્રયોગ યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે, માત્ર ટેક્નિકલ સુરક્ષા વ્યવસ્થા પૂરતી નથી. વિદ્યાર્થીઓને માનસિક સહાય, કાઉન્સેલિંગ અને મુશ્કેલ સમયમાં તાત્કાલિક મદદ મળી રહે તેવી વ્યવસ્થા પણ એટલી જ જરૂરી છે. યુનિવર્સિટીનો આ પ્રયાસ વિદ્યાર્થીઓને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવાની દિશામાં એક નવી પહેલ તરીકે સામે આવ્યો છે.

વિદ્યાર્થીઓ માનસિક તણાવ, અભ્યાસનું દબાણ, વ્યક્તિગત સમસ્યાઓ કે અન્ય કારણોસર ક્યારેક ક્ષણિક આવેશમાં આવીને ગંભીર પગલું ભરી લેતા હોય છે. આવા સમયે વિદ્યાર્થીને તાત્કાલિક મદદ મળી રહે અને આવેશની ક્ષણ પસાર થાય તે માટે સુરક્ષાનાં પગલાં મહત્ત્વપૂર્ણ બની શકે છે. હોસ્ટેલમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી આ વ્યવસ્થા વિદ્યાર્થીઓને આવેશમાં આવીને જીવલેણ પગલું ભરતાં અટકાવવાના પ્રયાસનો એક ભાગ છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા અત્યાર સુધીમાં હોસ્ટેલમાં અંદાજે ૫૦૦ જેટલા આ પ્રકારના પંખા લગાવવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. આગામી દિવસોમાં યુનિવર્સિટીની અન્ય હોસ્ટેલોમાં પણ આવા પંખા લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

## દમણના મસાટમાં વિજ્ઞાન-સામાજિક વિજ્ઞાન પ્રદર્શન યોજાયું






**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના શિક્ષણ વિભાગ અને સમગ્ર શિક્ષા અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે જિલ્લા કક્ષાના પ્રાથમિક અને માધ્યમિક વિજ્ઞાન-સામાજિક વિજ્ઞાન પ્રદર્શન તથા શિક્ષક નવીનતા મેળાનું આયોજન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા (GHS), મસાટ ખાતે કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન પ્રદર્શન ૧૩ અને ૧૪ ઑક્ટોબરના રોજ યોજાયું હતું, જ્યારે શિક્ષક નવીનતા મેળો ૧૯ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ યોજાયો હતો. પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો પર આધારિત પ્રોજેક્ટ અને મોડેલ રજૂ કરીને પોતાની વૈજ્ઞાનિક વિચારસરણી, સર્જનાત્મકતા અને ટેકનિકલ કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. વિજ્ઞાન વિભાગમાં ઘન કચરાનું વ્યવસ્થાપન, આરોગ્ય, ડિજિટલ ઈન્ડિયા, ટકાઉ ખેતી, નવીનીકરણીય ઊર્જા, રોબોટિક્સ અને કૃત્રિમ બુદ્ધિમત્તા જેવા વિષયો પર આધારિત પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યા હતા.

સામાજિક વિજ્ઞાન વિભાગમાં જળ સંરક્ષણ, ડિજિટલ સુરક્ષા, સાંસ્કૃતિક વારસો, ટકાઉ વિકાસ, પંચાયતી રાજ, વિકસિત ભારત ૨૦૪૭ અને આપત્તિ વ્યવસ્થાપન જેવા વિષયો મુખ્ય આકર્ષણ રહ્યા હતા. આ આયોજનનો હેતુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, તાર્કિક વિચારસરણી, સમસ્યાઓના ઉકેલની ક્ષમતા અને સામાજિક વિષયો પ્રત્યે જાગૃતિ વિકસાવવાનો હતો. શિક્ષક નવીનતા મેળામાં શિક્ષકોએ નવીન શિક્ષણ પદ્ધતિઓ અને શૈક્ષણિક પ્રયોગો રજૂ કરીને પોતાના અનુભવોનું આદાનપ્રદાન કર્યું હતું. આ પહેલ દ્વારા શિક્ષણને વધુ અસરકારક અને ગુણવત્તાસભર બનાવવાના પ્રયાસોને પ્રોત્સાહન મળ્યું હતું. કાર્યક્રમમાં શિક્ષણ વિભાગના આસિસ્ટન્ટ ડિરેક્ટર ઑફ એજ્યુકેશન (HO) દિલાવર મન્સૂરી, આસિસ્ટન્ટ ડિરેક્ટર ઑફ એજ્યુકેશન પરિતોષ શુક્લા, આસિસ્ટન્ટ સ્ટેટ પ્રોજેક્ટ ડિરેક્ટર ડૉ. સતીશ પટેલ, જિલ્લા શિક્ષણ અધિકારી પીયૂષ મારુ, શિક્ષણ અધિકારીઓ રાજેન્દ્ર મોહિતે અને દૌલત સોલંકી, સહાયક શિક્ષણ અધિકારી ચેતન ચૌહાણ, BRC અલારખા વોહરા અને મનોજ પટેલ સહિત તમામ BRP તથા CRC કો-ઑર્ડિનેટરો ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શન દરમિયાન પ્રાથમિક અને માધ્યમિક સ્તરે વિજ્ઞાન તથા સામાજિક વિજ્ઞાનની વિવિધ શ્રેણીઓમાં શાળાઓએ પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવ્યાં હતાં. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા, નવતર વિચારો અને રજૂઆતની ક્ષમતા દર્શાવવા માટે મંચ પૂરો પાડવાની સાથે શિક્ષકોને શૈક્ષણિક નવીનતાઓ અંગે વિચારોનું આદાનપ્રદાન કરવાની તક પૂરી પાડવામાં મહત્વપૂર્ણ રહ્યો હતો.

### ગુજરાતમાંથી પસંદ થયેલા ૨૦ પ્રોજેકટમાં રોલા પ્રા. શાળાના

### ધ્યેય પટેલની કૃતિ પણ પસંદગી પામી હતી

## રોલાના વિદ્યાર્થીનું ચીકુ કલીનીંગ મશીન ઈન્પાયર માનક વિજ્ઞાન પ્રદર્શનમાં સ્થાન પામ્યું

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**



સમગ્ર દેશના બાળ વૈજ્ઞાનિકો માટેનું સૌથી મોટું પ્લેટફોર્મ એટલે INSPIRE-MANAK એવોર્ડ. આ વર્ષે યોજાયેલા ૧૨મા રાષ્ટ્રીય ઈન્સ્પાયર માનક વિજ્ઞાન પ્રદર્શનમાં વલસાડ જિલ્લાની રોલા પ્રાથમિક શાળાના વિદ્યાર્થી ધ્યેય અશ્વિનભાઈ પટેલ એ પોતાની આગવી કૃતિથી રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થતા ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ (DST) દ્વારા આ પ્રદર્શન તા. ૧૨ થી ૧૪ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે યોજાયું હતું. હોલ નંબર ૫ માં યોજાયેલા આ પ્રદર્શનમાં દેશના ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી પસંદ થયેલા ૮૦૦ થી વધુ પ્રોજેક્ટો રજૂ થયા હતા. જેમાં રોલા પ્રાથમિક શાળાના ધ્યેય પટેલે તેના માર્ગદર્શક શિક્ષક સંજયકુમાર અમ્રતલાલ પટેલના માર્ગદર્શન હેઠળ ચીકુ ક્લીનીંગ મશીન કૃતિને સમગ્ર ગુજરાતમાંથી ૨૦ કૃતિને સ્થાન મળ્યું અને રાષ્ટ્રીય સ્તરે ભાગ લીધો. નવસારી અને વલસાડ જિલ્લો ચીકુની ખેતી માટે જાણીતો છે. ખેડૂતોને ચીકુ સાફ કરવામાં પડતી મુશ્કેલી અને પાણીના બગાડને ધ્યાનમાં રાખીને આ મશીન તૈયાર કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે ચીકુ ઝાડ પરથી ઉતારી લીધા બાદ તેની સફાઈ માટે વધુ સમય લાગે છે.

જેથી મજુરી ખર્ચ ખુબ જ વધી જાય છે, આ નિવારણ માટે આ મશીન બનાવ્યું છે જે ઓછા પાણીએ, ઓછા સમયમાં અને ઓછી મહેનતે મોટી સંખ્યામાં ચીકુ સાફ કરી શકે છે. આ સાધન વડે માણસની સરખામણીમાં ૫ ઘણી ઝડપથી કામ થાય છે. ૯૦ ટકા સમયની બચત થાય છે. મજુરી ખર્ચ ૮૦ ટકા બચે છે. પાણીનો બગાડ ૭૦ ટકા બચાવી શકાય છે. આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય અને સમગ્ર શાળા પરિવાર તથા ગામના સરપંચ અને ગ્રામજનો દ્વારા વિદ્યાર્થીને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### રિલાયન્સ ફાઉન્ડેશન સ્કૂલમાં

## વેસુમાં વિદ્યાર્થી વિજ્ઞાન મંથન કાર્યક્રમ યોજાયો



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ભારતીય વિજ્ઞાનનું ગૌરવ કરતી સંસ્થા વિજ્ઞાન ભારતી તથા NCERT અને NCSM ન્યુ દિલ્હી દ્વારા દર વર્ષે ધો. ૬ થી ૧૧ ના દેશભરના વિદ્યાર્થીઓ માટે ભારતની સૌથી મોટી રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રતિભા શોધ સ્પર્ધા વિદ્યાર્થી વિજ્ઞાન મંથન VVM યોજાય છે આ પ્રવૃત્તિના ગુજરાત રાજ્યના સ્ટેટ કોર્ડીનેટર પ્રિ. મનસુખ નારિયાનું VVM સાયન્સ પ્રેઝન્ટેશન રિલાયન્સ ફાઉન્ડેશન સ્કૂલ વેસુ ખાતે યોજાયું હતું. દેશભરમાં વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા બાળકોને વૈજ્ઞાનિક બનવા તરફ પ્રેરણા આપવા માટે આ પ્રવૃત્તિ યોજાય છે તેમણે ભારતીય વિજ્ઞાન પરંપરાઓ અને વૈજ્ઞાનિકો વિશે રસપ્રદ માહિતી આપી હતી.

વીવીએમમાં જિલ્લા,રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના આયોજન અંગે તથા તેમાં કઈ રીતે સફળ થઈ શકાય તે બાબતે ~રણા આપી હતી. પ્રિન્સિપાલ એસ. એન્ટોનીરાજે અતિથિ નું સન્માન કર્યું હતું. કાર્યક્રમનું સંકલન સ્કૂલ કો-ઓર્ડીનેટર નિશા કાપડિયા કર્યું હતું આ પ્રસંગે સુરત ડિસ્ટ્રીક રુરૂ કોઓર્ડીનેટર જી એન કાકડીયા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## અલ નીનો વધુ મજબૂત બન્યો

અલ નીનોનો પ્રવાહ હવે મજબૂત કક્ષામાંથી 'વેરી સ્ટ્રોંગ' કે 'સુપર સ્ટ્રોંગ'ની ઐતિહાસિક ઊંચાઈ પર પહોંચી રહ્યો છે. આ ભયાનક બદલાવની સીધી અસર રૂપે ભારતના એકંદર વરસાદમાં ૧૩ ટકાની ખાધ નોંધાઈ છે. મૌસમ વિભાગના પૂર્વાનુમાન અનુસાર, આગામી ૩૧ ઓક્ટોબર સુધીના સમયગાળા દરમિયાન પડતા માવઠાનું પ્રમાણ સામાન્ય કરતા ઘણું ઓછું રહેશે,

જ્યારે તાપમાન સામાન્ય કરતા નોંધપાત્ર રીતે વધારે રહેવાની શક્યતા છે. ગુજરાતમાં ગરમીનો પારો સતત ઊંચો જઈ રહ્યો છે. સમગ્ર દેશમાં સૌથી વધારે ૪૦.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન રાજકોટમાં નોંધાયું છે. રાજસ્થાનના રણપ્રદેશ કે કચ્છના રણ નજીકના વિસ્તારો કરતા પણ રાજકોટમાં વધુ ગરમી અનુભવાઈ રહી છે, જે ગત ૨૫ વર્ષમાં સર્વાધિક છે. વર્ષ ૨૦૧૧ પછી માત્ર ૨૦૨૦માં જ તાપમાન ૪૦.૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું, જ્યારે આ વર્ષે અવારનવાર પારો ૪૦ ડિગ્રી સેલ્સિયસની પાર જઈ રહ્યો છે. ગુજરાતના વિવિધ શહેરોમાં ગરમીનો પ્રકોપ યથાવત છે.

**દમણગંગા ટાઈમ્સ**

દર શુક્રવારે પ્રકાશિત થતાં વિજ્ઞાન વિભાગમાં વિજ્ઞાન શિક્ષકો, વિદ્યાર્થીઓ કે અન્ય જીજ્ઞાસુઓ વિજ્ઞાન વિષયક સમાચારો, પોતાના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયના ટૂંકા લેખો, સાયન્સ પ્રોજેક્ટ કે જનરલ નોલેજની વિગતો પોતાના નામ-સરનામા સાથે લખીને મોકલી શકે છે.

**સંપર્કઃ સંપાદક, દમણગંગા ટાઈમ્સ, વિજ્ઞાન વિભાગ**
**ને.હા.નં.૮ દમણગંગા ટાઈમ્સ કાર્યાલય,વાપી**

# ઉમરગામ તાલુકા વિશેષ

Friday 23, October 2026

● ઉમરગામ ● સંજાણ ● ભીલાડ ● સરીગામ

આપનું અખબાર : આપનો અવાજ DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પ્લેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૭૨૪૦૭૦૫૭૧/૯૮૯૮૮૩૯૨૬૯

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in


## જીઆઈડીસી એસ્ટેટમાં વરસાદી પાણીના નિકાલ માટે રૂા.૨૫.૯૯ કરોડના પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત





### ત્રીજા તબક્કામાં ૧૪.૫ કિલોમીટર લાંબી સ્ટ્રોમ વોટર ડ્રેઈન પાઈપલાઈન નાખવામાં આવશે; ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા હળવી થવાની આશા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૨ :** ઔદ્યોગિક વિસ્તારોમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સુદૃઢ બનાવવા માટે જીઆઈડીસી એસ્ટેટમાં સ્ટ્રોમ વોટર ડ્રેઈન (SWD) પ્રોજેક્ટના ત્રીજા તબક્કાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, જેની સાથે કામગીરીનો પ્રારંભ થયો છે. અંદાજે રૂા.૨૮ કરોડની કિંમત ધરાવતા આ પ્રોજેક્ટની ટેન્ડર રકમ રૂા.૨૫.૯૯ કરોડ નક્કી કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત જીઆઈડીસી એસ્ટેટમાં કુલ ૧૪.૫ કિલોમીટર લાંબી સ્ટ્રોમ વોટર ડ્રેઈન પાઈપલાઈન નાખવામાં આવશે. વરસાદી પાણીનો યોગ્ય અને સરળતાથી નિકાલ થઈ શકે તે માટે ખાસ ડ્રેનેજ માળખું તૈયાર કરવામાં આવશે. પ્રોજેક્ટમાં મુખ્યત્વે ૧,૨૦૦ મી.મી. વ્યાસની પાઈપનો ઉપયોગ કરવામાં આવશે, જેથી વરસાદી પાણીના વહન માટે જરૂરી ક્ષમતા ઉપલબ્ધ થઈ શકે. પ્રોજેક્ટની વિગતો અનુસાર, તેમાં ૧૩.૦૩ કિલોમીટર લંબાઈની RCC સ્ટ્રોમ વોટર ડ્રેઈન વ્યવસ્થા અને ૧.૪૩૫ કિલોમીટર લંબાઈની ૧,૨૦૦ મીમી વ્યાસની NP3 પાઈપનો સમાવેશ થાય છે. આ માળખાના નિર્માણથી ઔદ્યોગિક વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે જરૂરી સુવિધા ઊભી કરવામાં આવશે. ચોમાસા દરમિયાન ભારે વરસાદ પડતાં ઔદ્યોગિક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ શકે છે. આવી પરિસ્થિતિમાં વાહન વ્યવહાર, માલસામાનની હેરફેર અને કારખાનાઓની દૈનિક કામગીરીને અસર થવાની શક્યતા રહે છે. વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ઉપલબ્ધ થવાથી આવી મુશ્કેલીઓ ઘટાડવામાં મદદ મળી શકે છે. ખાસ કરીને ઔદ્યોગિક એકમો સુધી અવરજવર કરતા કર્મચારીઓ, વાહનચાલકો અને વેપારીઓને પણ આ સુવિધાથી લાભ થવાની આશા છે. જીઆઈડીસી એસ્ટેટના વિકાસ અને પાયાની સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં આ પ્રોજેક્ટને મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. ૧૪.૫ કિલોમીટર લાંબી ડ્રેનેજ પાઈપલાઈન નાખવાની કામગીરી પૂર્ણ થયા બાદ વરસાદી પાણીના વ્યવસ્થિત નિકાલ માટે વધુ સુદૃઢ માળખું ઉપલબ્ધ બનશે. જોકે, પ્રોજેક્ટ પૂર્ણ થવાની સમયમર્યાદા અને કામગીરીના ચોક્કસ રૂટ અંગેની વિગતો ઉપલબ્ધ નથી. આમ, રૂા.૨૫.૯૯ કરોડના ખર્ચે હાથ ધરાયેલો સ્ટ્રોમ વોટર ડ્રેઈન પ્રોજેક્ટ જીઆઈડીસી એસ્ટેટમાં વરસાદી પાણીના નિકાલની સમસ્યાના ઉકેલ તરફનું મહત્વપૂર્ણ પગલું છે. પ્રોજેક્ટની કામગીરી ગુણવત્તાપૂર્વક અને સમયસર પૂર્ણ થાય તો ચોમાસા દરમિયાન ઔદ્યોગિક વિસ્તારની વ્યવસ્થા વધુ સુચારુ બનાવવામાં મદદ મળી શકે છે.

## ઉમરગામ પોલીસની જ્વેલર્સ-વેપારી મંડળો સાથે સુરક્ષા બેઠક યોજાઈ

### પોલીસે જ્વેલર્સને દુકાન બહાર સીસીટીવી લગાવવા તથા સાયબર છેતરપિંડીથી બચવા પણ માર્ગદર્શન આપ્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૨ :** આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને ઉમરગામ પોલીસ સ્ટેશનમાં જ્વેલર્સ, વેપારી મંડળો અને ઉત્સવના આયોજકો સાથે સુરક્ષા બેઠક યોજાઈ હતી. નવરાત્રી, વિજયાદશમી, દિવાળી અને રાવણ દહન જેવા કાર્યક્રમોમાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માર્ગદર્શન અપાયું. બેઠકમાં સોના-ચાંદીના વેપારીઓને દુકાનોની સુરક્ષા મજબૂત કરવા, લૂંટ અને ચોરી રોકવા સૂચના અપાઈ. તહેવારોમાં ભીડ વધતી હોવાથી સુરક્ષા ગાર્ડ રાખવા અને સાવચેતીના પગલાં લેવા પણ જણાવાયું. પોલીસે ખાસ કહ્યું કે ઘણી દુકાનોમાં CCTV માત્ર અંદર હોય છે. તેથી બધા જ્વેલર્સને દુકાનની બહાર રસ્તા તરફ ઓછામાં ઓછો એક CCTV કેમેરો લગાવવા સૂચના અપાઈ, જેથી શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખી શકાય.સાયબર છેતરપિંડીથી બચવા પણ જાગૃત કરાયા. અજાણી APK ફાઈલો ડાઉનલોડ ન કરવા, લિંક પર ક્લિક ન કરવા અને OTP કે બેંકિંગ વિગતો શેર ન કરવા માર્ગદર્શન અપાયું હતું.

## ઉમરગામ ધારાસભ્યના નિવાસસ્થાને ૩૫ ગ્રા.પં.ના સરપંચો સાથે બેઠક મળી

### પાણીની પાઈલપલાઈન દ્વારા અપાતી સુવિધાની કામગીરી એક મહિનામાં પુર્ણ કરી સમસ્યાનો ઉકેલ લાવવા ધારાસભ્ય રમણભાઈ પાટકરની તાકીદ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૨૨ :** ઉમરગામ તાલુકાના ધારાસભ્ય રમણભાઈ પાટકરના નિવાસ્થાને પાણી પુરવઠા વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં ૩૫ થી વધુ ગ્રામ પંચાયતના સરપંચો સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. નવી ટાંકીઓની જરૂરિયાત, મુખ્ય પાઈપલાઈનનું સમારકામ, ગ્રામ પંચાયત કક્ષાએથી વિવિધ ફળિયાઓમાં પાણીની પાઈપલાઈન દ્વારા અપાતી સુવિધા વગેરે બાબતે સમીક્ષા કરી એક મહિનાના સમયગાળામાં કામગીરી પૂર્ણ કરવા અને સમસ્યાનો ઉકેલ કરવા ધારાસભ્ય રમણભાઈ પાટકરએ તાકીદ કરી. ઉપસ્થિત સરપંચો, તાલુકા પંચાયત સભ્યો ને સમીક્ષા થયેલ ચર્ચા મુજબ કામગીરી થાય છે કે નહીં તે અંગે કાળજી રાખવા જણાવ્યું.

બેઠકમાં તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ, કારોબારી અધ્યક્ષ મનીષભાઈ, તાલુકા સરપંચ પ્રમુખ રાકેશભાઈ, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય અને સંકલન સમિતિના સભ્યો મુકેશભાઈ પટેલ, નોટિફાઈડ બોર્ડ સરીગામના ચેરમેન દિલીપભાઈ ભંડારી, વલસાડ જિલ્લા ભાજપના હોદ્દેદાર મયુરીબેન, વિવિધ ગ્રામ પંચાયતના સરપંચો, તાલુકા પંચાયત સભ્યો નોંધપાત્ર સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## નારગોલની ભક્ત શ્રી જલારામ સ્કુલના વિદ્યાર્થીઓ કલા મહાકુંભમાં ઝળક્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૨ :** નારગોલ ભક્ત શ્રી જલારામ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ, નારગોલના વિદ્યાર્થીઓએ ઉમરગામ તાલુકા કક્ષાના કલા મહાકુંભમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ઈનામ પ્રાપ્ત કરીને પોતાની પ્રતિભા, મહેનત અને કૌશલ્યનો પરિચય આપ્યો છે. રાસ સ્પર્ધામાં પ્રથમ ક્રમ શિક્ષિકા કિમી બારિયા, કિંજલ કેની અને સેજલ બારિયાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ રાસ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. લગ્નગીત સ્પર્ધામાં દ્વિતીય ક્રમેં શિક્ષિકા પ્રીતિ રાઉતના માર્ગદર્શન હેઠળ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓએ લગ્નગીત સ્પર્ધામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. નિબંધ સ્પર્ધામાં દ્વિતીય ક્રમ શાળાની વિદ્યાર્થીની યશવી બારિયાએ નિબંધ સ્પર્ધામાં દ્વિતીય ક્રમ મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું. સામૂહિક ગીત સ્પર્ધામાં દ્વિતીય ક્રમ ધોરણ ૯ની વિદ્યાર્થિનીઓએ સામૂહિક ગીત સ્પર્ધામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સફળતા વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોના સમર્પણ અને શાળા પરિવારના સહિયારા પ્રયાસોનું પરિણામ છે. ખાસ કરીને રાસ અને લગ્નગીત જેવી પરંપરાગત કલાઓ દ્વારા વિદ્યાર્થીઓએ આપણી સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાને જાળવી રાખવાનો સુંદર પ્રયાસ કર્યો છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ શાળાના ટ્રસ્ટીઓએ મુખ્ય શિક્ષિકા મેઘના રાઠોડ તથા સમગ્ર શિક્ષકગણને હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં.

## નારગોલ બીચની સ્વચ્છતા માટે તંત્ર એક્શનમાં

### બીચ પર કે જાહેર સ્થળે કચરો ફેંકતા ઝડપાશો તો રૂ. ૧૦૦૦ નો દંડ વસુલવામાં આવશે : પ્રાંત અધિકારી નીરવ પટેલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૨૨ :** નારગોલ બીચને સ્વચ્છ અને સુંદર રાખવા પ્રાંત અધિકારી નીરવભાઈ પટેલે સહેલાણીઓને અપીલ કરી છે. બીચ પર કે જાહેર સ્થળે કચરો ફેંકતા ઝડપાશો તો રૂા.૧૦૦૦નો દંડ વસુલવામાં આવશે, તેવી ચેતવણી પંચાયત દ્વારા આપવામાં આવી છે. વલસાડ જિલ્લા કલેકટર નિતિન સાંગવાન દ્વારા જિલ્લામાં શરૂ કરાયેલા સફાઈ અભિયાન અંતર્ગત નારગોલ બીચની સફાઈ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. છેલ્લા ભારે વરસાદ અને પૂર બાદ દરિયાઈ ભરતી સાથે કિનારે સેંકડો ટન પ્લાસ્ટિક, કપડાના ટુકડા અને અન્ય કચરો આવી ગયો છે, જેના કારણે બીચની શોભા બગડી છે. આટલા મોટા પ્રમાણમાં કચરાનો નિકાલ એકલા સ્થાનિક પંચાયત માટે શક્ય ન હોવાથી કલેકટરની સૂચનાથી જિલ્લા વહીવટી તંત્ર સક્રિય થયું છે. તેમની સૂચના મુજબ પ્રાંત અધિકારી નીરવભાઈ પટેલે સ્થાનિક સંસ્થાઓને સાથે રાખી નિયમિત સફાઈનું આયોજન હાથ ધર્યું છે. જેના કારણે મોટા પ્રમાણમાં કચરો દૂર કરવામાં સફળતા મળી છે અને લોકજાગૃતિ માટે અનેક કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા છે. આજરોજ ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન UIA દ્વારા ચંદન સ્ટીલ, અપાર ઈન્ડસ્ટ્રીઝ, એવરેસ્ટ મસાલા જેવી મોટી કંપનીઓના સહકારથી નારગોલ બીચ ખાતે સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. જેમાં પ્રાંત અધિકારી નીરવભાઈ પટેલ પોતે ઉપસ્થિત રહી ચાર કલાક સુધી UIAની ટીમ સાથે સફાઈ કામગીરીમાં જોડાયા હતા. આ પ્રસંગે પ્રાંત અધિકારી નીરવભાઈ પટેલે જણાવ્યું હતું કે દરિયો આપણી અમૂલ્ય સંપત્તિ છે અને તેને સ્વચ્છ રાખવો આપણા સૌની ફરજ છે. પ્રવાસીઓ દ્વારા ફેંકાતા કચરાથી દરિયાની સુંદરતા બગડે છે અને દરિયાઈ જીવોને પણ ગંભીર નુકસાન થાય છે. તેમણે સૌને બીચ પર કચરો ન ફેંકવા અને સ્વચ્છતા જાળવવા અપીલ કરી હતી. ઉપરાંત ગંદકી કરનાર પાસેથી રૂા.૧૦૦૦નો દંડ વસૂલવાની કામગીરી પંચાયત દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. આગામી દિવસોમાં પણ આ સફાઈ ઝુંબેશ યથાવત રાખવામાં આવશે.

## ઉમરગામ જીઆઈડીસી કોલોનીમાં શેરી ગરબા યોજાયા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૨ :** નવરાત્રીના પાવન પર્વ દરમિયાન ઉમરગામ જીઆઈડીસી કોલોનીમાં શેરી ગરબાનું આયોજન કરી પરંપરાગત સંસ્કૃતિ અને સભ્યતાને જીવંત રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આધુનિક સમય અને બદલાતી જીવનશૈલી વચ્ચે પણ શેરી ગરબાની પરંપરા જાળવી રાખીને સ્થાનિક લોકોએ ધાર્મિક આસ્થા, સામાજિક એકતા અને સંસ્કૃતિ પ્રત્યેની પોતાની લાગણી વ્યક્ત કરી હતી.

શેરી ગરબા એ માત્ર નૃત્ય કે મનોરંજનનો કાર્યક્રમ નથી, પરંતુ ગુજરાતની સમૃદ્ધ લોકસંસ્કૃતિ અને પરંપરાનું પ્રતીક છે. જીઆઈડીસી કોલોનીમાં યોજાયેલા શેરી ગરબા દરમિયાન પરંપરાગત ગરબાની ધૂન અને તાલે ખેલૈયાઓએ ગરબે ઘૂમી માતાજીની આરાધના કરી હતી. ગરબાના માધ્યમથી લોકોમાં ભક્તિભાવની સાથે ભાઈચારો અને સામાજિક એકતાની ભાવના પણ જોવા મળી હતી.

શેરી ગરબાની વિશેષતા એ છે કે તેમાં નાના બાળકોથી લઈને યુવાનો અને વડીલો સુધીના લોકો ઉત્સાહપૂર્વક જોડાય છે. આવી પરંપરાઓ નવી પેઢીને આપણી સંસ્કૃતિ, ધાર્મિક મૂલ્યો અને સામાજિક સંસ્કારો સાથે જોડવાનું કાર્ય કરે છે. સાથે જ સમાજના વિવિધ વર્ગના લોકોને એક મંચ પર લાવી પરસ્પર સ્નેહ અને સહકારની ભાવનાને મજબૂત બનાવે છે.

જીઆઈડીસી કોલોનીમાં શેરી ગરબાનું આયોજન કરીને સ્થાનિક લોકોએ સંદેશ આપ્યો હતો કે આધુનિકતા સાથે આગળ વધવું જરૂરી છે, પરંતુ પોતાની સંસ્કૃતિ અને પરંપરાઓને જાળવી રાખવી પણ એટલી જ મહત્ત્વની છે. શેરી ગરબાની આ પરંપરા આવનારી પેઢીઓમાં પણ જીવંત રહે અને નવરાત્રીનો પર્વ ભક્તિ, આનંદ તથા સામાજિક એકતાના વાતાવરણમાં ઉજવાય તેવો ભાવ આ આયોજનમાં પ્રતિબિંબિત થયો હતો. પાવન પ્રસંગે Doms પરિવાર ની ઉપસ્થિતિ જોવા મળી હતી.

## ઉમરગામમાં સંઘ દ્વારા ૬ સ્થળોએ વિજયાદશમી ઉત્સવ ઉજવાયો






### નવસારી વિભાગ કાર્યવાહ દેવેન્દ્ર ગાવકરે આપી માહિતી; ઉમરગામ મંડળનાં ૧૦ ગામોના સ્વયંસેવકો ઉત્સવમાં જોડાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૨ :** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) દ્વારા આ વર્ષે ૧૦૧મા વિજયાદશમી ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. સંઘની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થયા બાદ હવે ૧૦૧ માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે વિવિધ સ્થળોએ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ઉમરગામ મંડળના વિજયાદશમી ઉત્સવ અંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નવસારી વિભાગ કાર્યવાહ દેવેન્દ્ર ગાવકરે માહિતી આપતાં જણાવ્યું હતું કે સંઘનું કાર્ય ગામડાંઓ સુધી પહોંચે અને સંગઠનના કાર્યનું વિકેન્દ્રીકરણ થાય તે હેતુથી આ વર્ષે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. દેવેન્દ્ર ગાવકરના જણાવ્યા અનુસાર, અગાઉ વિજયાદશમી ઉત્સવનો કાર્યક્રમ મુખ્યત્વે તાલુકા સ્તરે યોજવામાં આવતો હતો. જોકે, સંઘનું સંગઠનાત્મક કાર્ય વધુ વ્યાપક બને, ગ્રામ્ય વિસ્તારોમાં સ્વયંસેવકોની ભાગીદારી વધે અને વધુ લોકો સુધી સંઘના વિચારો તથા પ્રવૃત્તિઓ પહોંચે તેવા ઉદ્દેશથી આ વર્ષે ઉમરગામ તાલુકામાં કુલ છ અલગ - અલગ સ્થળોએ વિજયાદશમી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ઉમરગામ મંડળ અંતર્ગત આવેલા ૧૦ ગામોના સ્વયંસેવકો આજના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં. વિવિધ ગામોમાંથી આવેલા સ્વયંસેવકોની સહભાગિતાથી ઉત્સવમાં સંગઠનાત્મક એકતા અને સામૂહિક ભાગીદારીનો સંદેશ જોવા મળ્યો હતો. સંઘના કાર્યને માત્ર એક સ્થળ કે તાલુકા પૂરતું મર્યાદિત રાખવાને બદલે ગામડાંઓ સુધી પહોંચાડવા માટે કરવામાં આવેલું આ આયોજન સંગઠનના વિસ્તરણની દિશામાં મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. સ્થાનિક સ્તરે કાર્યક્રમો યોજવાથી સ્વયંસેવકોને એકત્ર થવાની, પરસ્પર સંપર્ક વધારવાની અને સંગઠનની પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવાની તક મળે છે. આ રીતે ઉમરગામ તાલુકામાં છ સ્થળોએ યોજાઈ રહેલા વિજયાદશમી ઉત્સવ દ્વારા સંઘના કાર્યના વિકેન્દ્રીકરણ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં સંગઠનાત્મક જોડાણને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## માણેકપુરની શ્રી વિવેકાનંદ હાઈ.માં વાલીઓની વાર્ષિક બેઠક યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૨ :** શ્રી આદિવાસી શક્તિ મંડળ સંચાલિત શ્રી વિવેકાનંદ હાઈસ્કૂલ, માણેકપુર ખાતે વાલીઓની વાર્ષિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં શાળાના શૈક્ષણિક વિકાસ, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકર, APMCના ઉપપ્રમુખ તથા શાળાના ટ્રસ્ટી વિજયભાઈ પાટકર, માણેકપુરના સરપંચ તથા સરપંચ સંઘના પ્રમુખ રાકેશભાઈ વઘાત, સરઈ ગામના સરપંચ વાસુભાઈ વારલી, માંડાગામના સરપંચ પ્રભુભાઈ ઠાકરીયા, મમકવાડાના સરપંચ અમૃતભાઈ ઘોડી તેમજ નિલેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શાળાના આચાર્યઓ, શિક્ષકગણ અને સમગ્ર સ્ટાફની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તરમાં સુધારો, શિક્ષણની ગુણવત્તા અને તેમના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણને લગતા વિવિધ મુદ્દાઓ પર વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. શિક્ષણના વિકાસ સાથે સમાજના સર્વાંગી વિકાસને વેગ મળે અને વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા ઉજ્જવળ ભવિષ્યની તક પ્રાપ્ત થાય તેવા આશય સાથે બેઠક યોજાઈ હતી.

## નારગોલ મરીન પોલીસના હેડ કોન્સ્ટેબલની ASI તરીકે બઢતી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૨૨ :** ઉમરગામ તાલુકાના માણેકપુર ગામના વતની અને હાલ નારગોલ મરીન પોલીસ મથકમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ ઈશ્વરભાઈ ઉત્તમભાઈ વણઝારાને આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI) તરીકે બઢતી મળી છે. ઈશ્વરભાઈએ પોતાનું પ્રાથમિક શિક્ષણ માણેકપુર અને નારગોલ ગામે પૂર્ણ કર્યું હતું. ઉચ્ચ શિક્ષણ બાદ તેઓ વર્ષ ૧૯૯૪ માં પોલીસ વિભાગમાં કોન્સ્ટેબલ તરીકે જોડાયા હતાં.

ત્યારબાદ ૨૦૨૦ માં તેઓને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી મળી હતી. હાલ તેઓ નારગોલ મરીન પોલીસ મથકે સેવા આપી રહ્યા છે. કોરોના કાળ દરમિયાન ઉમરગામ તાલુકામાં તેમણે ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી અને કોરોના વોરિયર તરીકે લોકોની સેવા કરી હતી.

તાજેતરમાં વલસાડ જિલ્લાના ૧૯ જેટલા હેડ કોન્સ્ટેબલોને ASI તરીકે બઢતી આપવામાં આવી છે, જેમાં ઈશ્વરભાઈ વણઝારાનો પણ સમાવેશ થાય છે. તેમને બઢતી મળતા સ્થાનિક પોલીસ સ્ટાફ, નારગોલ સહિત વિવિધ ગામોના અગ્રણીઓ અને નારગોલ ગ્રામ પંચાયતના સરપંચ સ્વીટીબેન ભંડારીએ અભિનંદન પાઠવ્યા છે. તેમની બઢતીને લઈને ગ્રામજનો અને મિત્ર વર્તુળમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

સ્થાનિક સમાચારો
• વલસાડ • પારડી • ધરમપુર • કપરાડા •વાપી • ઉમરગામ •દમણ • સેલવાસ

Friday 23, October 2026
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# વલસાડની લૉ કોલેજમાં પરીક્ષા બાબતે રોકતાં હોબાળો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** વલસાડની શાહ કે.એમ. લૉ કોલેજમાં ઓછી હાજરીના કારણોસર વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા ન દેવાતા વિવાદ વકર્યો છે. ઈનચાર્જ આચાર્ય ડૉ. હેમલતાબેન પરમાર દ્વારા લેવાયેલા આ કડક નિર્ણય સામે વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. પરીક્ષાના દિવસે જ વિદ્યાર્થીઓને કેમ્પસમાં પ્રવેશતા અટકાવી દેવાતાં વાતાવરણ તંગ બની ગયું હતું અને વિદ્યાર્થીઓએ સંચાલક મંડળની ઓફિસે પહોંચીને હોબાળો મચાવ્યો હતો.

કોલેજની વિદ્યાર્થીની શીતલ ભરવાડે જણાવ્યું હતુ કે કુલ ૧૮માંથી ૧૬ જેટલા વિદ્યાર્થીઓને પરીક્ષા આપવાથી વંચિત રાખવામાં આવ્યા છે. પરીક્ષાના દિવસે જ તેમને અટકાવવામાં આવતા અનેક વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાયું છે, જેને પગલે તેઓએ સંચાલક મંડળ સમક્ષ ન્યાયની ગુહાર લગાવી છે. કોલેજના વિદ્યાર્થીઓ એ તંત્ર સામે ગંભીર આરોપ લગાવતા જણાવ્યું કે જેઓએ ખોટા મેડિકલ સર્ટિફિકેટ રજૂ કર્યા છે તેઓને પરીક્ષામાં બેસવા દેવાયા છે, જ્યારે બીજી તરફ નિયમિત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે અન્યાય કરીને તેમને પરીક્ષા આપતા રોકી દેવામાં આવ્યા છે. કોલેજ પ્રશાસનની આ ભેદભાવપૂર્ણ નીતિ સામે વિદ્યાર્થીઓમાં ભારે અસંતોષ ફેલાયો છે.

સંચાલકોની બાંયધરી છતાં પ્રિન્સિપાલે ટર્મ અમાન્ય રાખી

આ સમગ્ર મામલે સંચાલક મંડળના માનદ મંત્રી કીર્તિભાઈ દેસાઈએ ૧૨ ઓક્ટોબરે ઈનચાર્જ આચાર્ય ડૉ. હેમલતાબેન પરમારને લેખિત પત્ર પાઠવ્યો હતો. જેમાં વધારાના વર્ગો ચલાવીને ૨૦ વિદ્યાર્થીઓની હાજરી પૂરી કરાવવાની અને પરીક્ષામાં બેસવા દેવાની ખાતરી આપવામાં આવી હતી. તેમ છતાં પ્રિન્સિપાલે આ બાંયધરી નકારી કાઢીને ટર્મ મંજૂર કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. સંચાલકો અને આચાર્ય વચ્ચેના આ વિવાદમાં વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ અટવાયું છે.

# ઉમરગામ તા.પં.ની સામાન્ય સભા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૨ :** ઉમરગામ તાલુકા પંચાયતના સભાખંડમાં તાલુકા પંચાયતના પ્રમુખ સંતોષભાઈની અધ્યક્ષતામાં ખાસ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં તાલુકાના વિકાસકાર્યો સહિત અગાઉની સામાન્ય સભામાં સોરઠમરા પંચ અને સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલા ઠરાવો તથા આમંત્રિત સભ્યોના નામને બહાલી આપવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

સભા દરમિયાન તાલુકા ભાજપ પ્રમુખ ડો. નિરવ શાહને આમંત્રિત સભ્ય તરીકે નિયુક્ત કરવા અંગેનો ઠરાવ બહુમતીથી મંજૂર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અગાઉની બેઠકમાં લેવાયેલા ઠરાવોને બહાલી આપવા અંગે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

તાલુકા પંચાયતના પ્રમુખ સંતોષભાઈએ સભામાં ઉપસ્થિત તમામ સભ્યોને દિવાળીના પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે ઉમરગામ તાલુકાના સર્વાંગી વિકાસ માટે આયોજનબદ્ધ રીતે આગળ વધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તાલુકાના વિકાસકાર્યોને સફળ બનાવવા માટે તમામ સભ્યોને પક્ષાપક્ષીથી ઉપર ઊઠીને સહયોગ આપવા અપીલ કરી હતી.

પ્રમુખ સંતોષભાઈએ ઉમરગામ તાલુકાના વિકાસ માટે તૈયાર કરવામાં આવેલા આયોજનમાં તમામ તાલુકા પંચાયત સભ્યોએ સર્વાનુમતે સહકાર આપ્યો તે બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સૌના સંકલન અને સહિયારા પ્રયાસોથી તાલુકાના વિકાસને નવી દિશા આપી શકાય છે. લોકહિતનાં કાર્યોને પ્રાથમિકતા આપીને તાલુકાના દરેક વિસ્તાર સુધી વિકાસનાં કામો પહોંચે તે માટે સૌએ સાથે મળીને કાર્ય કરવું જરૂરી છે.

સભાના અંતે પ્રમુખે ફરી એકવાર તમામ સભ્યો અને તાલુકાવાસીઓને દિવાળીના પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી અને ઉમરગામ તાલુકાના વિકાસ માટે સૌના સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

# વલ્લભ આશ્રમ સંચાલિત શાળાઓનું રાષ્ટ્રીય સ્તરે ઉચ્ચ રેન્કીંગ : ટ્રસ્ટી કુશ સાકરિયાને પણ એવોર્ડ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** દેશમાં શાળાઓનું સર્વાંગી મુલ્યાંકન કરી તેનું એમાંથી શ્રેષ્ઠ શાળાઓનું સન્માન કરતાં એજ્યુકેશન વર્લ્ડ દ્વારા પારડીની વલ્લભ આશ્રમ સંચાલિત શિક્ષણ સંસ્થાઓને શાળામાં બાળકોનો અભ્યાસ, અન્ય પ્રવૃત્તિ, શિક્ષકોની કામગીરી, શાળામાં સુવિધા, અદ્યતન શિક્ષણ સાથે સંસ્કાર જેવી વિવિધ બાબતોનું મુલ્યાંકન કરી શ્રેષ્ઠ શાળાઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે. ઈન્ડિયા સ્કુલ રેન્કીંગ વર્ષ ૨૦૨૬-૨૭ના સર્વેક્ષણમાં અગ્રસ્થાન પ્રાપ્ત થયુ છે. આ શાળાઓમાં વલ્લભ આમ એમ.જી.એમ. અમીન એન્ડ વી.એન. સવાણી સ્કુલને ગુજરાત પ્રથમ, શ્રી વલ્લભ સંસ્કારધામની શોભનાબેન પ્રતાપભાઈ પટેલ ડે બોર્ડિંગ સ્કુલ વલસાડ પ્રથમ અને શ્રી વલ્લભ આશ્રમ એમ.સી.એમ. કોઠારી ઈન્ટરનેશનલ ગર્લ્સ રેસીડેશનલ સ્કુલને પાંચમો ક્રમ પ્રાપ્ત થયો છે.

આ ઉપરાંત શ્રી વલ્લભ આશ્રમ ટ્રસ્ટના યુવા ટ્રસ્ટી કુશ સાકરીયાની બાલમંદિર થી ધોરણ-૧૨ સુધીના શિક્ષણના સ્તરને વધુ ઊંચાં લાવવા તથા શિક્ષણની ગુણવત્તામાં સતત સુધારો કરવા માટે એજ્યુકેશનવર્લ્ડ દ્વારા એજ્યુકેશન વર્લ્ડ ઈન્ડિયા સ્કુલ રેન્ક ૨૦૨૬-૨૭ દ્વારા એ અંતર્ગત પ્રતિષ્ઠિત રાઈઝિંગ એજ્યુકેશન સ્ટાર એવોર્ડ' માટે પસંદગી કરવામાં આવી છે. આ સિદ્ધિ માટે સંસ્થાના સ્થાપક પ.પૂ.સ્વામી શ્રી હરિપ્રસાદદાસજી, ટ્રસ્ટમંડળ, આચાર્યો, શિક્ષકો, વિધાર્થીઓ, વાલીઓ, સ્ટાફમાં આનંદની લાગણી છવાઈ છે.

# જિલ્લાની સરકારી શાળાઓમાં પણ બહારની વ્યકિતઓના પ્રવેશ પર બ્રેક લાગશે

## ખાસ કરીને ધરમપુર- કપરાડાના ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી શાળાઓમાં સોશિયલ મીડિયાના નામે ઘૂસી જતાં લોકો અટકશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** રાજ્યની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની સુરક્ષા, ગરિમા અને ગોપનીયતા જાળવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા મહત્વનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જેને લઈ વાપી સહિત જિલ્લા ભરમાં ઘણી વખત કેટલાક સોશિયલ મીડિયાવાળા ઘૂસી જતાં હતાં તેના ઉપર બ્રેક લાગશે.

કમિશનર દ્વારા શાળાઓની કચેરીના તા. ૦૩/૧૦/૨૦૨૬ના પત્ર અન્વયે આજે ૨૧/૧૦/૨૦૨૬ના રોજ પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જેમાં રાજ્ય સરકાર વાલી સમાન જવાબદારીના સિદ્ધાંત હેઠળ બાળકોની વિશેષ જવાબદારી નિભાવે છે, તેવો ઉલ્લેખ કરાયો છે. બંધારણની કલમ-૨૧ અને સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ ગોપનીયતાને મૂળભૂત અધિકાર ગણાવ્યો છે. પરિપત્ર મુજબ હવે કોઈપણ બહારની વ્યક્તિએ શાળા પરિસરમાં પ્રવેશવા માટે આચાર્યની પૂર્વ લેખિત મંજૂરી લેવી પડશે.

સરકારી અધિકારીઓને અપવાદ રહેશે.દરેક મુલાકાતીએ પ્રવેશ પહેલા રજિસ્ટરમાં નોંધ કરવી પડશે.વર્ગખંડ, પ્રયોગશાળા, પુસ્તકાલય, છાત્રાલય, રમતનું મેદાનમાં શિક્ષક સાથે જ પ્રવેશ મળશે.

મંજૂરી વિના વિદ્યાર્થી, શિક્ષક કે શાળા પ્રવૃત્તિની ફોટોગ્રાફી, વીડિયોગ્રાફી, ઈન્ટરવ્યૂ કે લાઈવ સ્ટ્રીમિંગ કરી શકાશે નહીં.બાળકોના ફોટા, વીડિયો કે વ્યક્તિગત માહિતીનો સંગ્રહ કે પ્રસાર કરી શકાશે નહીં.પરવાનગી વિના પ્રવેશ, પરિસર છોડવાનો ઈનકાર કે અશોભનીય ફોટોગ્રાફી કરનાર સામે તાત્કાલિક પોલીસ અને જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરી POCSO, કિશોર ન્યાય અધિનિયમ અને IT એક્ટ હેઠળ કાર્યવાહી કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે વલસાડ જિલ્લાની કેટલીક શાળાઓમાં કેટલાક સોશિયલ મીડિયાવાળા મંજૂરી વિના સીધા પ્રવેશી વીડિયો ગ્રાફી કરવા સાથે બાળકો, શિક્ષકો આગળ માઈક મૂકી દેતાં હતાં તેના પર હવે બ્રેક લાગશે.

# દમણની નાઈટિંગલ ફાઉન્ડેશન દ્વારા બાળિકાઓનું સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૨ :** દમણની ફાઉન્ડેશન દ્વારા નવરાત્રી પર્વની ઉજવણી અંતર્ગત એક પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના સંસ્થાપક અધ્યક્ષા અને દાનહ-દમણ-દીવ ભાજપા મહિલા મોરચાના પ્રદેશ મહામંત્રી પ્રતિભાબેન મનીષભાઈ સ્માર્ટના હસ્તે જય ગરબી મંડળ સુરજવાવ ચોક ખાતે દેવી નવદુર્ગાના પ્રતીક સમાન નાની બાળાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર વિજેતા પ્રતિભાબેન સ્માર્ટ, આરાધનાબેન સ્માર્ટ સહિત સ્માર્ટ પરિવારના સભ્યો વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સુરજવાવ ચોક ની જય અંબે ગરબી મંડળના આયોજકો, ખેલૈયાઓ અને બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. નાઈટિંગલ ફાઉન્ડેશન છેલ્લા અનેક વર્ષોથી શિક્ષણ, નારી સશક્તિકરણ અને સાંસ્કૃતિક ચેતનાના ક્ષેત્રે સક્રિય યોગદાન આપી રહ્યું છે.

# ચણોદની કેબીએસ કોલેજ મહિલા હેન્ડબોલમાં ચેમ્પિયન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** વાપીના ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમેરીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત હેઠળ આંતર-કોલેજ હેન્ડબોલ (વુમન ) સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિમલભાઈ ચૌહાણ (ભાજપ મહામંત્રી વાપી નોટીફાઈડ) મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા અને તેમણે તેમના વાપી રણાદાયી શબ્દોથી ભાગ લેનારાઓને વાપી પ્રોત્સાહિત કર્યા હતા. યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોની ટીમોએ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉત્તેજક અને સ્પર્ધાત્મક રાઉન્ડ પછી, યજમાન કોલેજ, કેબીએસ એન્ડ નટરાજ કોલેજ, વાપી ચેમ્પિયન તરીકે ઉભરી આવી હતી, જ્યારે પી.ટી. સાયન્સ કોલેજ, સુરત રનર્સ-અપ સ્થાન પર રહી હતી. સમગ્ર સ્પર્ધાનું કાર્યક્ષમ આયોજન અને સંચાલન કોલેજની રમતગમત સમિતિ સાથે શારીરિક શિક્ષણના સહાયક પ્રોફેસર ડૉ. મયુર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓમાં ઉત્તમ રમતગમત, ટીમવર્ક અને ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે, કોલેજના આચાર્ય ડૉ. પૂનમ બી. ચૌહાણે તમામ ભાગ લેનાર ટીમો, વિજેતાઓને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા હતા અને કાર્યક્રમના સફળતાપૂર્વક આયોજન માટે આયોજન સમિતિના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમજ યુનીવર્સીટી અંતર્ગત આંતર કોલેજ કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવા માટે તક મળવા બદલ યુંનીવર્સીટીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પારડીમાં વિહપ્ર દ્વારા રાવણ દહન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૨ :** બજરંગદળ દ્વારા ભવ્ય સ્કૂટર રેલી શહેર ભાજપ મહામંત્રી ઝુબિનભાઈ દેસાઈ તથા જેસીંગભાઈ ભરવાડના હસ્તે પ્રસ્થાન કરી શરૂઆત થઈ હતી. રેલીમાં શ્રીરામ સીતા લક્ષ્મણ હનુમાનની વેશભૂસામાં બાળકો રેલી સાથે પારડી નગરના મુખ્ય માર્ગથી કુમાર શાળા મેદાન ખાતે પોહચી ત્યાર બાદ જાહેરસભા પહેલા દીપ પ્રાગટ્ય અને શહસ્ત્ર પૂજન કરી સમિતિ દ્વારા મહેમાનો નો પરિચય અને સ્વાગત કરી કાર્યક્રમ શરુ કરવામાં આવ્યો જેમાં મુખ્ય વક્તા પૂજ્ય સ્વામી ચિન્મન્યદાસ BAPS સ્વામિનારાયણ મંદિર મહંત સેલવાસ વિહિપ પ્રાંત મંત્રી રાજેશભાઈ રાણા, ડૉ. હેમંતભાઈ પટેલ સાંઈનાથ હોસ્પિટલ ધરમપુર પારડી પોલીસ ઈન્સ્પેક્ટર વાય બી ગોહિલ સાહેબ, પ્રાંત અધિકારી જિનેશભાઈ નહાર, ભાજપ મહામંત્રી કમલેશભાઈ, પારડી તાલુકા સંઘ ચાલક જયસુખભાઈ પટેલ, નગર કાર્યવાહ મનીષભાઈ રાણા, જિલ્લા મંત્રી અંકિતભાઈ શાહ,વિભાગ અધિકારી અમિતભાઈ પટેલ, પિયુષભાઈ શાહ, ધાકલભાઈ જાંજર સહીત વલસાડ વિભાગ પ્રમુખ પ્રચાર પ્રસાર રાકેશભાઈ રાણા સહીત સૌ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. ત્યાર બાદ પૂજ્ય સંત અને પ્રભુ શ્રીરામ બનેલા બાળક દ્વારા રાવણ દહન કરવામાં આવ્યું આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે પ્રફુલભાઈ પટેલ, પીનુભાઈ હળપતિ, કિશનભાઈ પટેલ, પરેશભાઈ પટેલ, સહીત પારડી સમિતિ ના કાર્યકર્તા ઉપસ્થિત રહી ખુબજ સારી રીતે કાર્યક્રમ આયોજન કર્યું હતું અંતે કુણાલભાઈ પટેલ દ્વારા સૌ પધારેલ રામભક્તો, પત્રકાર બંધુ,પોલીસ પ્રસાસન, કુમાર શાળા પ્રિન્સિપલ સહીત ઉપસ્થિત દાતાનો આભાર વ્યકત કર્યો હતો.

# વલસાડમાં ટેમ્પોમાંથી વિદેશી દારૂ ઝડપાયો

**વલસાડ, તા.૨૨ :** વલસાડ એલસીબી ની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હોય જે દરમિયાન બાદ મળતા પોલીસની ટીમ પારનેરા ચણવાઈ નેશનલ હાઈવે નંબર ૪૮ પર વોચ ગોઠવી ઊભા રહેતા બાદમે વાળો બંધ બોડી નો ટેમ્પો અટકાવે તેમાં તપાસ કરતા ૯૪.૮૬ લાખનો દારૂ સહિત એક કરોડના મુદ્દા માલ ઝડપી પાડ્યો હતો જોકે ટેમ્પો ચાલક ભાગી જતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે.

વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હતી તે દરમિયાન મળેલી બાતમી આધારે વલસાડના પારનેરા ચણવઈ ઓવરબ્રિજ પર નેશનલ હાઈવે નંબર ૪૮ પર મુંબઈથી સુરત તરફ જતા સર્વિસ રોડ પર વોચ ગોઠવી હતી. તે દરમિયાન એક બંધ બોડીનો ટેમ્પો નંબર એમએચ ૧૪/ એફ ઈ/ ૧૭ ૪૪ ને ઉભી રાખવાનો ઈશારા કરતા ટેમ્પો ચાલક ટેમ્પો રોડ ઉપર મૂકી ભાગી છૂટયો હતો. પોલીસે ટેમ્પાની અંદર તપાસ કરતા દારૂના બોક્સ ૧૦૨૪ તેમાંથી બોટલ ૪૯,૧૫૨ ની કિંમત રૂપિયા૯૪,૮૬,૩૩૬ રૂપિયા તથા ટેમ્પાની કિંમત ૧૦ લાખ મળી કુલ ૧.૦૪ કરોડના મુદ્દા માલ ઝડપી પાડ્યો હતો. એલસીબી ની ટીમે ટેમ્પાને વલસાડ રૂરલ પોલીસને સોંપવામાં આવતા આગળની તપાસ હાથ ધરી છે.

## દમણ નુમા ઈન્ડિયા દ્વારા

# ઉદવાડાગામની શેઠ પી.પી. મિસ્ત્રી સ્કુલમાં કરાટે ચેમ્પિયનશીપ યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૨ :** NUMA INDIA દ્વારા આયોજિત 'NUMA INDIA ઈન્ટર-સ્કૂલ/એકેડેમી કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૬ નું ૧૮ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ ગુજરાતના ઉદવાડાગામ સ્થિત શેઠ પી. પી. મિસ્ત્રી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે સફળ સમાપન થયું. ૧૯ વિવિધ શાળાઓ અને કરાટે એકેડેમીના સ્પર્ધકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને પોતાની રમતગમતની પ્રતિભા, શિસ્ત અને આત્મવિશ્વાસનું પ્રદર્શન કર્યું. આ સ્પર્ધામાં વિવિધ વય જૂથો માટે અલગ-અલગ ઈવેન્ટ્સ રાખવામાં આવી હતી. દરેક વય વર્ગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર ખેલાડીઓને ટ્રોફી અને મેરિટ પ્રમાણપત્રો આપીને સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રતિષ્ઠિત કેટેગરીમાં, મહિલા વિભાગમાં પ્રતિભા રાયે ચેમ્પિયન ઓફ ચેમ્પિયન્સઁ ટ્રોફી જીતી, જ્યારે પુરુષ વિભાગમાં દિપેશ પટેલે શાનદાર પ્રદર્શન કરીને આ ખિતાબ પોતાના નામે કર્યો. કાર્યક્રમ દરમિયાન, વિજેતાઓને NUMA INDIA ના ડાયરેક્ટર આકાશ ઉદેશી, સેક્રેટરી અર્જુન ઉદેશી અને NUMA ગુજરાતના પ્રમુખ ગણબહાદુર જી દ્વારા ટ્રોફી, મેડલ અને ભેટ અર્પણ કરવામાં આવી હતી. આ ચેમ્પિયનશિપની સફળતામાં NUMA INDIA ની સત્તાવાર ટીમ, સ્વયંસેવકો અને બ્લેક બેલ્ટ તથા ઉચ્ચ સ્તરના કલર્ડ બેલ્ટ ધરાવતા સભ્યોના મહત્વપૂર્ણ યોગદાનનો મોટો ફાળો રહ્યો છે. આયોજક ટીમમાં પાર્થ પરદીકર, નિકિતા ઉદેશી, સ્નેહા જરીવાલા, મીત બોરાડ, પ્રાંશુ ગજરે, પ્રાચી, આયુષી, નિષ્ક, પ્રતિભા, પિયુષ, પ્રિન્સ અને અન્ય ઘણા વરિષ્ઠ કરાટેકાઓનો સમાવેશ થતો હતો, સ્પર્ધા માટે સ્થળ ઉપલબ્ધ કરાવવા બદલ NUMA INDIA, શેઠ પી. પી. મિસ્ત્રી અંગ્રેજી માધ્યમ શાળાના ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપન ટીમ અને આચાર્ય ધરા મેડમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

# દમણમાં તૈલિક સાહુ રાઠોડ મહાસભાની 'ભારત યાત્રા'નુ સ્વાગત કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૨ :** સામાજિક જાગૃતિ અને સુધારાના સંદેશ સાથે ભારતીય તૈલિક સાહુ રાઠોડ મહાસભા દ્વારા આયોજિત ભારત યાત્રૉ મંગળવારે સાંજે દમણમાં આવી. દાદરા નગર હવેલી અને દમણ-દીવ રાજ્ય એકમોએ મશાલ ચોક સ્થિત ગજાનન હોટેલ ખાતે યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું. ત્યારબાદ, યાત્રાને તેના આગામી પડાવ માટે લીલી ઝંડી આપવામાં આવી. મુંબઈથી શરૂ થયેલી આ યાત્રા સાત રાજ્યોમાંથી પસાર થશે. આ યાત્રા નાગપુરમાં એક સન્માન સમારોહ સાથે સમાપ્ત થશે. આ યાત્રાનું નેતૃત્વ મહાસભાના રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ, એસ.પી. ગુપ્તા, અને ગુજરાત રાજ્ય અધ્યક્ષ, ડૉ. શ્રીનારાયણ સાહ, તેમજ અન્ય વિવિધ સમુદાયના અધિકારીઓ કરી રહ્યા છે. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં શિક્ષણને પ્રોત્સાહન આપવાનો, યુવાનોને રોજગારની તકો સાથે જોડવાનો અને મૃત્યુ પર્વ જેવા સામાજિક દુષણોને દૂર કરવા અંગે જાગૃતિ લાવવાનો છે. આ દ્વારા સમાજમાં એકતા, જાગૃતિ અને સકારાત્મક પરિવર્તનનો સંદેશ આપવામાં આવી રહ્યો છે. સ્વાગત સમારોહમાં ઉપસ્થિત મહાસભાના દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રદેશ પ્રમુખ સંજય સાહ, નેશનલ ઈન્ચાર્જ આઈટી સેલ અને સોશિયલ મીડિયા વિષ્ણુ ગુપ્તા, ઈન્દ્રભાન ગુપ્તા, એસ.એન. સાહ, અમરનાથ ગુપ્તા, રામલાલ સાહુ, પ્રકાશ તેલી, મનોજ ગુપ્તા, દીપક ગુપ્તા, મુન્ના સાહુ, સચિન કુમાર, નિકેશ કુમાર, બૈજુ સાહ અને રાજકુમાર ગુપ્તા સહિત અનેક પદાધિકારીઓ અને સામાજિક મિત્રો. યાત્રામાં મધ્ય પ્રદેશ યુવા અધ્યક્ષ જીતેન્દ્ર સાહુ, થાણે જિલ્લા અધ્યક્ષ જિતેન્દ્ર ગુપ્તા, મહારાષ્ટ્ર રાજ્ય ઉપાધ્યક્ષ સુનીલ ગુપ્તા, ભાંડુપ યુવા પ્રમુખ આનંદ ગુપ્તા અને મીરા-ભાઈંદર યુવા પ્રમુખ પ્રદીપ ગુપ્તા પણ સામેલ છે.

# ખાનવેલમાં નાણાકીય સમાવેશ સંતૃપ્તિ શિબિરમાં૧ ૨૫ લોકોએ ભાગ લીધો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૨ :** દાદરા અને નગર હવેલીના ખાનવેલ ગ્રામ પંચાયત ખાતે બુધવારે ભારત સરકારના નાણાકીય સમાવેશ અભિયાન અંતર્ગત નાણાકીય સમાવેશ સંતૃપ્તિ (એફઆઈ સેચ્યુરેશન) શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારના નાગરિકો અને પાત્ર લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓ, બેંકિંગ સેવાઓ, વીમા સુરક્ષા તથા પેન્શન યોજનાઓનો લાભ મળી રહે તે હેતુથી યોજાયેલા આ શિબિરમાં આશરે ૧૨૫ ગ્રાહકો અને સ્થાનિક રહેવાસીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે ખાનવેલના સરપંચ મારિયાભાઈ વિલાત, દૂધનીના મુખ્ય સરપંચ મહેશજી ખુલત, સેલવાસના લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર (એલડીએમ) મનોજ કુમાર સિન્હા તથા ગ્રામ્ય સ્વરોજગાર તાલીમ સંસ્થા (આરએસઈટીઆઈ)ના નિયામક વિશાલ કાંડી ઉપસ્થિત રહ્યા હતા.

સિલવાસાના લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર મનોજ કુમાર સિન્હાએ નાણાકીય સમાવેશ અભિયાનના હેતુઓ અને તેના હેઠળ હાથ ધરાતી પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. મનોજ કુમાર સિન્હાએ ઉપસ્થિત લોકોને સરકારી યોજનાઓ અંગે જાગૃતિ ફેલાવવા અને પાત્ર નાગરિકોને જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ કરીને યોજનાઓમાં નોંધણી કરાવવા પ્રોત્સાહિત કરવાની અપીલ કરી હતી. નાણાકીય સમાવેશ સંતૃપ્તિ અભિયાન ૨૧ ઓક્ટોબરથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી ચલાવવામાં આવશે.

# આંતલીયાની ડમ્પિગ સાઈટ પર ભેદી આગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૨ :** બીલીમોરા નજીક આંતલીયા ગામે કાવેરી નદી કાંઠે ડમ્પિગ સાઈટ ઉપર ગુરુવાર સવારે ભેદી આગ ધુમાડાના ગોટે ગોટા ઉઠ્યા હતા. બીલીમોરા ફાયર બ્રિગેડ એ આગ કાબુમાં લીધી હતી. આંતલીયા ગ્રામપંચાયત દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત ઘર ઘરથી સુકો-ભીનો કચરો અલગ અલગ તારવી ભેગો કરવામાં આવે છે. રોજિંદા કચરાને કાવેરી નદી સ્મશાન ભૂમિ સ્થિત ડમ્પિગ સાઈટ ઉપર નાખવામાંઆવે છે. વૈજ્ઞાનિક ઢબે કચરાના નિકાલ નો દૂર દૂર સુધી અમલ દેખાતો નથી. નિયમોનો છેદ ઉડાડી આગ વડે અકુદરતી રીતે કચરાનો નિકાલ કરાઈ રહયો હોવાની ચર્ચા જાગી છે. છાશવારે કચરાના ઢગલામાં ભેદી રીતે આગ કોણ લગાડે છે તેની લોકોને ખબર પડતી નથી.આ ડમ્પીંગ સાઈટ ઉપર ગુરુવારે સવારે ૧૧:૩૦ કલાકે આગને કારણે ધુમાડાના ગોટેગોટા ઉઠયા હતા. જે નજીકના વિસ્તારમાં પ્રસરી જતા શાળાના બાળકો, ગ્રામજનો, વાહન ચાલકો, રાહદારીઓએ આંખોમાં બળતરા અનુભવી હતી. સુકો ભીનો અને પ્લાસ્ટિક કચરો બળીને ખાક થઈ ગયો હતો. ત્યારે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ ના અમલ સાથે પર્યાવરણ બચાવોની બૂમો ઉઠવા પામી છે. તે સાથે સોલિડ વેસ્ટ કચરાના નિકાલ અંગે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પણ સમયબદ્ધ પગલાં ભરે એ જરૂરી છે. બીલીમોરા નગરપાલિકા ફાયર ફાયટર નાં ચાલક દિવ્યેશ પટેલ, ફાયરમેન કેયુર પટેલ, જીતેન્દ્ર પાવર, ફાયર ઈન્ચાર્જ મિતેશ પટેલ સહિતના લાશકરો એ બે કલાકની ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

# અન્ય સમાચારો

Friday 23, October 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## જાહેર નોટીસ

**મહેરબાન ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૭૫/૨૦૨૬**
**મુદત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬**

**અરજદાર : ભગુભાઈ બાપુડીયાભાઈ પટેલ**
**રહે.** પટેલ ફળિયા, સદગુરૂધામ, બરૂમાળ
તા.ધરમપુર, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,**
**તલાટી કમ - મંત્રીશ્રી, બરૂમાળ**
**ગ્રામ પંચાયત કચેરી, બરૂમાળ**
**તા.ધરમપુર, જી.વલસાડ**

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના દાદી **મનુબેન મનોરભાઈ પટેલનું** મરણ તા.૧૪/૦૧/૧૯૭૧ના રોજ મોજે ગામ-બરૂમાળ, તા.ધરમપુર, જી.વલસાડ મુકામે થયું હતું. જે મુજબનો મરણનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૨૧/૧૧/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.
આજરોજ તા.૧૯મી, માહે-ઓક્ટોબર, સને - ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- (એચ.એન.પટેલ) આસિસ્ટન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | સહી/- (એમ.વી.પટેલ) સુપ્રિટેન્ડેન્ટ, સીવીલ કોર્ટ, ધરમપુર | કોર્ટનો સિક્કો | સહી/- (પી.એમ. ડાભી) રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ધરમપુર |

## જાહેર નોટીસ

**મહે.વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી**

**અરજદારના વ.શ્રી. બી.ડી. પટેલ**
**ફો.પ.અ.નં.૮૨૩/૨૦૨૬**
**મુદત તારીખ :- ૨૧/૧૧/૨૦૨૬**

**અરજદાર : અર્જુન સુદરરન ગૌંડ**
રહે. : ફેજ-૧-૨૪, નીલકંઠ ડ્રીમ હાઉસ, અર્થવ પબ્લિક વિદ્યાલય પાસે, વાલારામ વાટિકા વાપી, તા.વાપી, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : હે. કમિશ્નર સાહેબ શ્રી (ચીફ ઓફીસર)**
**વાપી મહાનગર પાલિકા, વાપી**

**જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ -૧૩(૩) મુજબ જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમાં દાખલ કરેલ ફો.પ.અ.નં.૮૨૩/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના માતા નામે રાધાબેન સુદર્શન ગૌંડનું મરણ તા.૩૦-૦૯-૨૦૨૩ના રોજ મુ.પો. વાપી મુકામે ઘરે થયેલ હતો. જે તે સમયે તેમના મરણની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ ન હતી. જેથી અરજદારના માતાની મરણ નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ - મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે જનમના દાખલાની જરૂર હોઈ અરજદારના માતાના મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૨૧-૧૧-૨૦૨૬નાં રોજ સવારે ૧૦.૪૫ કલાકે જાતે તથા/ અથવા પોતાનાં માહિતગાર વકીલશ્રી મારફત હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.
આજ તા.૨૨મી માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર અને હુકમથી |
|---|---|---|
| સહી/- (એમ. બી. મણવર) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | સહી/- (પી.પી. વૈષ્ણવ) સુપ્રિન્ટેન્ડન્ટ |

## -: વેચાણ અંગેની જાહેર નોટીશ :-

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે:-
વલસાડ જીલ્લાના પારડી તાલુકાના મોજે ''ઉમરસાડી'' ગામે હેઠળ વર્ણવેલ ખેડખાતાની-

| ખાતા નંબર | જુનો બ્લોક/સર્વે નંબર | રી બ્લોક/સર્વે નંબર | હે | આરે | પ્રતિઆરે | આકાર રૂા. પૈસા |
|---|---|---|---|---|---|---|
| ૨૫૨૯ | ૩૬૦/૩ | ૨૬૨૨ | ૦ | ૧૭ | ૨૦ | ૦.૪૫ |

વાળી જમીન આવેલી છે. જે જમીન જે સરકારી રેકર્ડ દફતરે ''શાંતિકુમાર છોટુભાઈ દેસાઈ'', રહે. ઉમરસાડી, તા. પારડી ના નામે નામે સ્વતંત્ર માલીક તરીકે ચાલી આવેલી છે, જેમણે તેમની માલીકીની ઉપરોકત બ્લોક/સર્વે નંબરવાળી જમીન તેમની માલીકી તથા કબજા ભોગવટાની હોવાનુ જણાવી મજકુર જમીન હમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. અગર જો મજકુર બ્લોક/સર્વે નંબરવાળી જમીનમાં ઉપરોકત માલીક સિવાય અન્ય કોઈ વ્યકિત, પેઢી કંપની કે અન્ય નાણાંકીય સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગ, ભાગ, દરદાવો, બોજો કે લીયન હોય તો તેમણે આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેવા હકક દાવાઓ સંબંધી દસ્તાવેજી પુરાવાઓ હમોને હમારી ઓફીસે મોકલી આપવા, નહિંતર સદરહુ મુદત વિતેથી સદરહુ બ્લોક/સર્વે નંબરવાળી જમીનમાં ઉપરોકત માલીક સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ કે હકક, હિસ્સો નથી અથવા હોય તો તે જતા કરેલા છે, એવું માની ઉપરોક્ત જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હમારા અસીલ ઉપરોકત માલીક પાસેથી પોતાના લાભમાં કરાવી લેશે. અને ત્યારબાદ ઉપરોકત બ્લોક/સર્વે નંબરવાળી જમીનના હકક, દાવા સંબંધી કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**તા. ૨૨/૧૦/૨૦૨૬**
**સરનામુઃ મ્યુ. ''એ'' સોના દર્શન,પહેલે માળે, ને.હા.નં.૮,કિલ્લા - પારડી, તા. પારડી,જી, વલસાડ,**
**મોબાઈલ-૯૮૨૫૧૪૩૨૦૬**

લિ,
પ્રશાંત જવાહરલાલ દેસાઈ
તે
જમીન ખરીદ કરનારના
એડવોકેટ

ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને કેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલકનીમાં ટાઇલ્સ લગાવતા પહેલાં
- સ્લોપિંગ સ્લેબમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઇપણ જેન્સ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
દિવાળી ધમાકા
કોઇપણ જેન્સ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેકશન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403
સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ

## જાહેર નોટીસ

**મહેરબાન ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૭૬/૨૦૨૬**
**મુદત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬**

**અરજદાર : ભગુભાઈ બાપુડીયાભાઈ પટેલ**
**રહે.** પટેલ ફળિયા, સદગુરૂધામ, બરૂમાળ
તા.ધરમપુર, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,**
**તલાટી કમ - મંત્રીશ્રી, બરૂમાળ**
**ગ્રામ પંચાયત કચેરી, બરૂમાળ**
**તા.ધરમપુર, જી.વલસાડ**

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના દાદા **મનોરભાઈ બર્જુલભાઈ પટેલનું** મરણ તા.૨૭/૦૭/૧૯૬૮ના રોજ મોજે ગામ-બરૂમાળ, તા.ધરમપુર, જી.વલસાડ મુકામે થયું હતું. જે મુજબનો મરણનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૨૧/૧૧/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.
આજરોજ તા.૧૯મી, માહે-ઓક્ટોબર, સને - ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- (એચ.એન.પટેલ) આસિસ્ટન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | સહી/- (એમ.વી.પટેલ) સુપ્રિટેન્ડેન્ટ, સીવીલ કોર્ટ, ધરમપુર | કોર્ટનો સિક્કો | સહી/- (પી.એમ. ડાભી) રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ધરમપુર |

## જાહેર નોટીસ

**મહેરબાન ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૪૩/૨૦૨૬**
**મુદત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬**

**અરજદાર : સામેરા રંગુભાઈ ચીમાભાઈ**
**રહે.** ભાનવળ, ઠે. કાસઢબારી ફળિયું
તા.ધરમપુર, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ-મંત્રીશ્રી,**
**ગૃપ ગ્રામ પંચાયત કચેરી પીંડવળ,**
**તા.ધરમપુર, જી.વલસાડ**

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના પુત્રી **જ્યોત્સનાબેન રંગુભાઈ સામેરાનો** જન્મ તા.૧૮/૧૦/૨૦૦૬ના રોજ મોજે ગામ-ભાનવળ, ઠે. કાસઢબારી ફળિયું, તા.ધરમપુર, જી.વલસાડ મુકામે થયું હતું. જે મુજબનો જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૨૧/૧૧/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.
આજરોજ તા.૧૪મી, માહે-ઓક્ટોબર, સને - ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- (એચ.એન.પટેલ) આસિસ્ટન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | સહી/- (એમ.વી.પટેલ) સુપ્રિટેન્ડેન્ટ, સીવીલ કોર્ટ, ધરમપુર | કોર્ટનો સિક્કો | સહી/- (પી.એમ. ડાભી) રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ધરમપુર |

**મે. ઉમરગામના એડી. ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટમાં, મુ.ઉમરગામ**

ફો.પ.અ.નં.૩૬૮/૨૦૨૬

**અરજદાર : દેવુભાઈ લક્ષીભાઈ પાગી, ઉમર ૫૭ વર્ષ, ધંધો - ખેતી**
**રહે.** તુંબ, ડુંગરપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ, **(અરજદારનાં વકીલ વૈશાલી જે. સુકાની)**

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, તુંબ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**-: જાહેર નોટીશ :-**

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના દાદા નામે ભીમાભાઈ મરીયાભાઈ પાગીની મરણ તારીખ ૦૧/૦૩/૧૯૮૬નાં રોજ તુંબ, તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવાવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.
સદરહુ અરજીની સુનાવણી તારીખ ૫-૧૨-૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર થશે તો કાયદા અનવયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ રોજ તા.૨૨ માહે ૧૦ સને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- એમ.એમ. વણકર | સહી/- વી.જી. પટેલ | કોર્ટનો સિક્કો | સહિ/- રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ઉરમગામ |

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડિસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઇબ્બુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઇ સાથે રૂ.5000/-
The Complete Man Raymond dinesh Siyarams DONEAR DIGJAM NIRVAN SHIRTINGS ashima ICON Kripton
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

## PUBLIC NOTICE

This is to inform the general public that my clients 1) Nizarali Barkatali Khoja 2) Rubina Nizarali Khoja have informed me that they are the absolute and lawful owners of Flat No. 701 admeasuring approx 108.73 Sq.Mts. i.e. 1170.00 Sq.Fts. and Flat No. 702 admeasuring approx 106.87 Sq.Mts. i.e. 1150.00 Sq.Fts. Super Built-up Area, situated on the Seventh Floor of High-rise Building known as 'Arise Residency' and Building 'Farheen Empire', iituated on N.A. Land bearing Survey No. 313/1/Paiki 1 admeasuring approx 2000.00 Sq.Mts., with total undivided share of land 40.00 Sq.Mts., at Mouje Village Chala, Tal. Vapi, Dist. Valsad.

Where the owners have stated that the original registered documents pertaining to the said flats have been lost. Details:

1. Original Registration Receipt - Registered Sale Deed No. 6606, Dt. 27/07/2016 - Purchaser: Nizarali Barkatali Khoja - Vendor: M/s. Arise Enterprise
2. Original Registration Receipt - Registered Sale Deed No. 10079, Dt. 02/12/2016 - Purchaser: Rubina Nizarali Khoja
3. Original Registration Receipt - Registered Sale Deed No. 1645, Dt. 01/03/2017 - Donee: Rubina Nizarali Khoja, Donor: M/s. Arise Enterprise Partnership Firm through Partners 1) Rajeshbhai Chhimanbhai Halani, 2) Amirbhai Allauddin Amlani, 3) Sarfaraz Sultanal Ali Rajwani

The owners have tried hard to search the same but could not be found and the same are not mortgaged in any bank.

If any person is having the said original registration receipts, then they shall handover the same to the undersigned within 7 days from this notice.

If no claim or objection is received within the said period, it shall be deemed that no one has any right and the receipts are lost.

Place: Vapi, Date: 13/10/2026

(Nagma A. Shaikh)
Advocate

Office : 233, 2nd Floor, Girnar Khushbu Plaza, GIDC, Vapi - 396195, Mo.No.7575842605

## જાહેર નોટીસ

**મહેરબાન ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૪૪/૨૦૨૬**
**મુદત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬**

**અરજદાર : ભોયા સીતારામભાઈ મનસુભાઈ**
**રહે.** જાગીરી ઠે. નિશાળ ફળિયું
તા.ધરમપુર, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ-મંત્રીશ્રી,**
**ગૃપ ગ્રામ પંચાયત કચેરી નડગદરી,**
**તા.ધરમપુર, જી.વલસાડ**

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના મોટા મમ્મી **એમનબેન દેવજીભાઈનું** મરણ તા.૨૪/૦૪/૨૦૧૯ના રોજ મોજે ગામ-જાગીરી, ઠે. નિશાળ ફળિયું, તા.ધરમપુર, જી.વલસાડ મુકામે થયું હતું. જે મુજબનો મરણનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૨૧/૧૧/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.
આજરોજ તા.૧૪મી, માહે-ઓક્ટોબર, સને - ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- (એચ.એન.પટેલ) આસિસ્ટન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | સહી/- (એમ.વી.પટેલ) સુપ્રિટેન્ડેન્ટ, સીવીલ કોર્ટ, ધરમપુર | કોર્ટનો સિક્કો | સહી/- (પી.એમ. ડાભી) રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ધરમપુર |

## જાહેર નોટીશ

**મહેરબાન એડીશનલ સિનિ સિવિલ અને એડિ. ચીફ જજ સાહેબશ્રી કોર્ટમાં, ઉમરગામ**

**ફોજદારી પરચુ અરજી નંબર : ૩૯૫/૨૦૨૬**
**ઠરાવ તા. ૧૬/૧૧/૨૦૨૬**

**અરજદાર : સલાટ ઝવેરભાઈ લલ્લુભાઈ**
રહે. : તુંબ, ધીમસા-કાંકરીયા, તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, તુંબ, ધીમસા-કાંકરીયા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના પુત્ર નામે શૈલેષભાઈ ઝવેરભાઈ સાલાટનો જન્મ તારીખ ૧/૬/૧૯૯૪નાં રોજ તુંબ, ધીમસા-કાંકરીયા, તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.
સરહુ અરજીની સુનાવણી તારીખ ૧૬/૧૧/૨૦૨૬ના રોજ ૧૦:૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર થશે તો કાયદા અનવયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ રોજ તા.૧૪ માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- (ડી.એમ. સેંદાણે) એડી. સીની. સીવી. ઉમરગામ | સહી/- (પી.કે. દરજી) એડી. સીની. સીવીલ કોર્ટ, ઉમરગામ | કોર્ટનો સિક્કો | સહી/- ડે. રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીની. સિવિલ કોર્ટ, ઉમરગામ |

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : મે.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૫ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## CHANGE OF NAME

OLD NAME DAILA IRA
DAHYABHAI HIRABHAI PATEL
ADD. H. NO 12, DUNGARI FALIA
KACHIGAM NANI DAMAN 396210

**ઉત્તર ડાંગ વન વિભાગની જુદી જુદી રેંજોમાં વન ગુના કામે સંડોવાયેલ નીચે મુજબના વાહનો વારસી/બીનવારસી હાલતમાં મળી આવવા બાબત.**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, અત્રેના વન વિભાગના નીચે મુજબની રેંજોમાં જુદી જુદી તારીખે વારસી/બીનવારસી હાલતમાં વનગુનાકામે સંડોવાયેલ વાહનો મળી આવેલ છે. જે અંગે ભારતીય વન અધિનિયમ મુજબ જવાબદાર કર્મચારીઓ દ્વારા વનગુનો જાહેર કરવામાં આવેલ છે. સદર વાહનોની માલીકી ધરાવતા વારસદારોએ જરૂરી આધાર પુરાવા સાથે નાયબ વન સંરક્ષકશ્રી ઉત્તર ડાંગ આહવાની કચેરી ખાતે જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૭માં સપંર્ક કરવાનો રહેશે. જો તેમ કરવામાં ચુકશે તો અત્રેથી એકપક્ષી નિર્ણય લઈ ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી વાહન સરકાર હસ્તક લઈ રાજયસાત (ખાલસા) કરવામાં આવશે. જેની જાણ થવા વિનંતી છે.

| અ.નં. | વાહનની વિગત | રેંજ | રાઉન્ડ ગુના નંબર/તારીખ |
|---|---|---|---|
| 1 | મોટર સાયકલ નં. GJ 05 EF 6073 | પિપલાઇદેવી | ૫/૨૦૨૪-૨૫, ૧૯-૬-૨૦૨૪ |
| 2 | મોટર સાયકલ નં. GJ 26 AA 0308 | પિપલાઇદેવી | ૫/૨૦૨૪-૨૫, ૧૯-૬-૨૦૨૪ |
| 3 | મોટર સાયકલ નં. GJ 15 AM 2537 | પિપલાઇદેવી | ૮/૨૦૨૩-૨૪, ૧૬-૮-૨૦૨૩ |
| 4 | મોટર સાયકલ નં. GJ 26 Q 9373 | પિપલાઇદેવી | ૯/૨૦૨૩-૨૪, ૨૩-૯-૨૦૨૩ |
| 5 | ટ્રેક્ટરની ટ્રોલી નં. NO NUMBER | પિપલાઇદેવી | ૬/૨૦૨૩-૨૪, ૪-૧૦-૨૦૨૩ |
| 6 | મોટર સાયકલ નં. GJ 5 FP 436 | સુબીર | ૨/૨૦૨૧-૨૨, ૧૨-૮-૨૦૨૧ |
| 7 | મોટર સાયકલ નં. NO NUMBER | સુબીર | ૨/૨૦૨૧-૨૨, ૧૨-૮-૨૦૨૧ |
| 8 | મોટર સાયકલ નં. GJ 05 GF 9455 | સુબીર | ૬/૨૦૨૪-૨૫, ૩૦-૯-૨૦૨૪ |
| 9 | મોટર સાયકલ નં. GJ 21 AL 2109 | શિંગાણા | ૭/૨૦૨૪-૨૫, ૨૫-૨-૨૦૨૫ |
| 10 | મોટર સાયકલ નં. GJ 30 C 5128 | શિંગાણા | ૧૩/૨૦૧૯-૨૦, ૨૭-૧૦-૨૦૧૯ |
| 11 | મોટર સાયકલ નં. GJ 5 A 1871 | શિંગાણા | ૧૩/૨૦૧૯-૨૦, ૨૭-૧૦-૨૦૧૯ |
| 12 | મહીન્દ્રા મેક્ષ જીપ નં. GJ 19 M 0116 | બરડીપાડા | ૪/૨૦૨૫-૨૬, ૦૫-૧૧-૨૦૨૫ |

**સ્થળ : આહવા-ડાંગ**
**તારીખ : ૨૨/૧૦/૨૦૨૬**

**ક્રમાંક:માહિતી/ડાંગ/૧૨૫-૨/૨૦૨૬**

સહી/-
નાયબ વન સંરક્ષક
ઉત્તર ડાંગ વન વિભાગ,
આહવા

**જાહેર નિવિદા નં.૨૪ સને ૨૦૨૬-૨૭**
**માર્ગ અને, મકાન વિભાગ, ગુજરાત રાજ્ય**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, વલસાડ (મા.સમ.) વિભાગ, સેવા સદન-૨, પહેલો માળ, વલસાડ-૩૯૬૦૦૧, ફોન નં. (૦૨૬૩૨) ૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા ધરમપુર - વાપી અને વલસાડ પેટા વિભાગના કુલ-૧૭ જેની અંદાજીત રકમ ૧૨.૪૧ લાખથી ૨૦.૯૬ લાખ છે. માટે ઓનલાઈન ટેન્ડરો માંગવામાં આવે છે. જેના ટેન્ડરો વેબસાઈટ https://www.tender, nprocure.com ઉપરથી જોવા મળશે.
ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ઠ કામો તારીખ ૦૨-૧૧-૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય નિવિદા રદ કરવાની સત્તા અત્રેનના વિભાગની અબાદિત રહેશે.

**નં.માહિતી/વલસાડ/૫૦૩/૨૦૨૬**

સહી/-
કાર્યપાલક ઈજનેર
વલસાડ (મા.સમ.)
વિભાગ, વલસાડ

## જાહેર નોટીસ

**મહેરબાન ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૫૮/૨૦૨૬**
**મુદત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬**

**અરજદાર : ખાડમ સાળીબેન લાહનુભાઈ**
**રહે.** ધામણી, ફણસપાડા ફળિયા
તા.ધરમપુર, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ-મંત્રીશ્રી,**
**ગૃપ ગ્રામ પંચાયત કચેરી મોહનાકાંવચાળી,**
**તા.ધરમપુર, જી.વલસાડ**

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના ભાભી **કાકડુબેન રૂપજીભાઈનું** મરણ તા.૧૬/૦૮/૧૯૮૬ના રોજ મોજે ગામ-મોહનાકાંવચાળી, તા.ધરમપુર, જી.વલસાડ મુકામે થયું હતું. જે મુજબનો મરણનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૨૧/૧૧/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.
આજરોજ તા.૧૪મી, માહે-ઓક્ટોબર, સને - ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- (એચ.એન.પટેલ) આસિસ્ટન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | સહી/- (એમ.વી.પટેલ) સુપ્રિટેન્ડેન્ટ, સીવીલ કોર્ટ, ધરમપુર | કોર્ટનો સિક્કો | સહી/- (પી.એમ. ડાભી) રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ધરમપુર |

**મે. ઉમરગામના એડી. ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટમાં, મુ.ઉમરગામ**

ફો.પ.અ.નં.૩૬૯/૨૦૨૬

**અરજદાર : દેવુભાઈ લક્ષીભાઈ પાગી, ઉમર ૫૭ વર્ષ, ધંધો - ખેતી**
**રહે.** તુંબ, ડુંગરપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ, **(અરજદારનાં વકીલ વૈશાલી જે. સુકાની)**

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, તુંબ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**-: જાહેર નોટીશ :-**

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના દાદી નામે રાસાયબેન ભીમાભાઈ પાગીની મરણ તારીખ ૦૫/૦૮/૧૯૮૯નાં રોજ તુંબ, તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવાવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.
સદરહુ અરજીની સુનાવણી તારીખ ૫-૧૨-૨૬ના રોજ ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર થશે તો કાયદા અનવયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
આજ રોજ તા.૨૨ માહે ૧૦ સને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- એમ.એમ. વણકર | સહી/- વી.જી. પટેલ | કોર્ટનો સિક્કો | સહિ/- રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ઉરમગામ |



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઇ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

Friday 23, October 2026

# દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા
માટે વેબસાઈટની
મુલાકાત લો
www.damangangatimes.com

## વાપી સોનારસ સામે ઈવી કાર સળગી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** વાપી ગાંધી સર્કલ પાસે સોનોરસ શોપિંગ કોમ્પલેક્ષ સામે બુધવાર રાત્રે ૯.૧૫ કલાકે એક ઈલેક્ટ્રિક કાર શોર્ટ સર્કિટ થતાં પળવારમાં ભડભડ સળગી ઊઠી હતી. ઘટનાની જાણ થતાં નોટીફાઈડ ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો પણ કાબુમા ન આવતી હોય ફોમ નો મારો કરી આગ બુઝાવી હતી જોકે ત્યાં સુધીમાં આખી કાર સળગી ગઈ હતી. સદ્નસીબે કાર સવારો ઘટના પહેલાં ઉતરી ગયા હતા.

## છીરીમાં કાર અડફેટે બાળકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** વાપીના છીરી રામનગર વિસ્તારમાં આવેલી સાંઈ રેસિડેન્સીના પાર્કિંગમાં ગમખ્વાર અકસ્માતમાં અઢી વર્ષના માસૂમનું મોત નિપજ્યું છે.

ફરિયાદી રૂપેન્દ્ર કેશર કેશી ઉ.૩૫, રહે. સાંઈ રેસિડેન્સીના પાર્કિંગ રૂમમાં, રામનગર, છીરી, વાપી, મૂળ નેપાળના ટીકાપુરના છે. તેઓ પરિવાર સાથે છેલ્લા ૧૦ વર્ષથી વાપીમાં રહે છે. તેમને પત્ની લક્ષ્મી ઉ.૩૦ અને પાંચ દીકરીઓ તથા એક દીકરો ધીરજ ઉ.૨.૫ વર્ષ છે.

ગઈ તા. ૨૧/૧૦/૨૦૨૬ ના રોજ બપોરે ૧.૩૦ વાગ્યાના અરસામાં ફરિયાદીની પત્ની વાપી ગુંજન ખાતે ઘરકામ માટે ગયા હતા. તેમનો નાનો દીકરો ધીરજ પાર્કિંગમાં ગેટ પાસે રમતો હતો અને ફરિયાદી રૂમમાં જમવાનું બનાવતા હતા. ત્યારે બાજુમાં રહેતા ઉબેદ ખાન તેમના દીકરાને લોહી લુહાણ હાલતમાં લઈ આવ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું કે સાંઈ રેસિડેન્સી ડી/વિંગ રૂમ નં.૧૦૨ માં રહેતા કિયા કાર નં. GJ-15-CM-7147 ના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે કાર હંકારી લાવી બાળકને ટક્કર મારી હતી. બાળકને માથા અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલિક વાપી હરિયા હોસ્પિટલ લઈ જવાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. અકસ્માત બાદ કાર ચાલક નાસી ગયો હતો. આ બનાવે વાપી ટ્રાફિક પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ખડકીના પશુપાલકોની પ્રાંતને રાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૨ :** ધરમપુર તાલુકાના ખડકીગામના પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા ૧૫૦થી વધુ સભાસદોએ પોતાની પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે પ્રાંત અધિકારી અને ધરમપુર પોલીસ ઈન્સ્પેક્ટરને લેખિત રજૂઆત કરી તપાસની માગ કરી છે. રજૂઆત મુજબ, અગાઉ આલીપુર ખાતે પણ સભાસદોએ પોતાની સમસ્યાઓ અંગે રજૂઆત કરી હતી. તે દરમિયાન જવાબદાર અધિકારીએ તેમની વાત સાંભળવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પ્રમુખ અને ઉપપ્રમુખ સાથે ઉગ્ર બોલાચાલી થતાં સભાસદો ત્યાંથી નીકળી ગયા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## ઉમરગામમાં તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સનો સપાટો : ૩૧ દંડાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૨ :** સરકારના રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત વલસાડ જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં રચાયેલી ટાસ્ક ફોર્સ દ્વારા વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરઈ, માંડા અને તેની આજુબાજુના વિસ્તારોમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ દરમિયાન તમાકુ કે તમાકુની બનાવટ વેચતા નાના-મોટા પાનના ગલ્લા, પાર્લરના ૨૫ દુકાનદારો અને જાહેરમાં ધૂમ્રપાન કરતા ૦૬ લોકો મળી કુલ ૩૧ કેસ નોંધવામાં આવ્યા હતા, જેમની પાસેથી કુલ રૂપિયા ૬૨૦૦/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.



વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ, ફૂડ એન્ડ ડ્રગ વિભાગ અને પોલીસ વિભાગની સંયુક્ત સ્ટીયરીંગ કમિટી દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન દુકાનદારોને કલમ-૪ (જાહેરમાં ધૂમ્રપાન કરવા પર પ્રતિબંધ), કલમ-૬(અ) (૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુના વેચાણ પર પ્રતિબંધ) તથા કલમ-૬(બ) (શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુના વેચાણ પર પ્રતિબંધ) અંગે કડક સૂચનાઓ આપવામાં આવી હતી. તેમજ તમાકુથી કેન્સર થાય છે તેવી સ્પષ્ટ આરોગ્ય વિષયક ચેતવણી વિના તમાકુ અને સિગારેટની અન્ય બનાવટોનું છૂટક વેચાણ ન કરવા ચેતવણી આપવામાં આવી હતી.

આ સઘન કામગીરી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.કે. સિંહ અને એપેડેમિક મેડીકલ ઓફિસર ડો. મનોજ પટેલના માર્ગદર્શન હેઠળ ડીસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ (આરોગ્ય વિભાગ), પોલીસ વિભાગમાંથી ડબલ્યુ.પી.સી. લીલાબેન એસ. વસાવા, ફૂડ એન્ડ ડ્રગ વિભાગમાંથી જે.કે. ચૌધરી અને જિલ્લા ટોબેકો સેલમાંથી કાઉન્સેલર એસ.ઝેડ. બાગુલ, સોશિયલ વર્કર એ.એ. પટેલ અને ટી.એમ.પી.એચ.એસ. શશિકાંત માલવિયા દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી. એમ નોડલ ઓફિસર (ટોબેકો કંટ્રોલ) -વ- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત, વલસાડ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## મોગરાવાડીના તળાવમાં યુવક ડૂબ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૨ :** વલસાડના મોગરાવાડી વિસ્તારમાં આવેલા મોટા તળાવમાં ૨૨ વર્ષીય યુવકે કોઈ અગમ્ય કારણોસર કૂદીને જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી જવા પામી છે. વલસાડના મોગરાવાડી સ્થિત દેવદર્શન સોસાયટીમાં રહેતા અને રેલવેમાં નોકરી કરતા મુકેશભાઈ રમણભાઈ પટેલનો મોટો પુત્ર કૃતિકભાઈ (ઉં.વ. ૨૨) સવારે પાંચેક વાગ્યાના અરસામાં ઘરેથી દુકાને માવો લેવા જવાનું કહીને નીકળ્યો હતો. જોકે, લાંબો સમય થવા છતાં તે પરત ન ફરતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. દરમિયાન, કૃતિકના મિત્ર ધ્રુવ ચૌહાણે આવીને જાણ કરી હતી કે કૃતિકે મોટા તળાવમાં ઝંપલાવ્યું છે. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો તુરંત મોટા તળાવ ખાતે દોડી ગયા હતા. સ્થળ પર લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા તેમજ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ પણ પહોંચી ગઈ હતી. તળાવની પાળેથી કૃતિકનું પર્સ મળી આવ્યું હતું. ફાયર વિભાગની ટીમે તળાવમાં શોધખોળ હાથ ધરીને કૃતિકના મૃતદેહને બહાર કાઢ્યો હતો.

ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ મામલે વલસાડ સીટી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. યુવકના અકાળે અવસાનથી પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

## વાપીની ગોકુલ વિહારમાંથી હાઈટેન્શન વીજપોલ અને વાયર હટાવવાની કામગીરી શરૂ

**નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ગત વિધાનસભા ચૂંટણી દરમિયાન આપેલું વચન પૂર્ણ કરવાની દિશામાં કામગીરી શરૂ થતાં સોસાયટીના રહીશોમાં ખુશીની લાગણી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** વાપીની ગોકુલ વિહાર ટાઉનશીપ સોસાયટીમાંથી પસાર થતા ૬૬ કે.વી.ના હાઈટેન્શન વીજતાર અને વીજપોલ હટાવી અંડરગ્રાઉન્ડ કેબલિંગ કરી આપવાનું વચન રાજ્યના નાણાં અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી તેમજ સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈ દ્વારા ગત ચૂંટણીમાં આપવામાં આવ્યું હતું. આ વચનને સાકાર કરવાની દિશામાં આજે જેટકો કંપની દ્વારા હાઈટેન્શન વીજતાર અને વીજ પોલ હટાવવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેનાથી સોસાયટીના રહીશોમાં કામગીરી શરૂ થતાં ખુશીની લાગણી ફેલાઈ છે.



આજે જેટકો કંપનીના અધિકારીઓ અને ઈજનેરોની ટીમ તેમજ વાપી મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, તથા ગોકુલવિહાર ટાઉનશીપના અગ્રણીઓ હેમંતભાઈ પટેલ, દેવેન્દ્રભાઈ પટેલ, બીપીનભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં સોસાયટીમાંથી પસાર થતા ૬૬ કે.વી.ના હાઈટેન્શન વીજતાર તથા વીજ પોલ હટાવવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગોકુલવિહાર ટાઉનશીપના પ્રમુખ દેવેન્દ્રભાઈ પટેલ દ્વારા મીઠાઈ વહેચવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, રહેણાક વિસ્તારની વચ્ચેથી પસાર થતા હાઈટેન્શન વીજતાર અને વીજ પોલને કારણે રહીશોમાં ચિંતા રહેતી હતી. હવે ટાઉનશીપ હાઈટાન્શન વીજતાર અને વીજપોલથી મુકત બનશે. તેથી આ કામગીરી શરૂ થવા બદલ સંતોષ વ્યક્ત કર્યો છે.

આ કામગીરી માટે અગ્રણી સતીશભાઈ પટેલ, ગોકુલ વિહાર ટાઉનશીપ સોસાયટીના પૂર્વપ્રમુખ હેમંતભાઈ પટેલ, વર્તમાન પ્રમુખ દેવેન્દ્રભાઈ પટેલ તથા સેક્રેટરી બિપીનભાઈ દેસાઈ દ્વારા સતત ફોલોઅપ કરવામાં આવ્યું હતું.

## વાપીમાં જનભાગીદારી હેઠળની ૧૯ સોસાયટીઓની દરખાસ્તોને મંજૂરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૨ :** વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક અધ્યક્ષ સતીશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. રાજ્યના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ યોજાયેલી બેઠકમાં શહેરના વિકાસ, જાહેર સુવિધાઓ, વહીવટી વ્યવસ્થા અને કર્મચારીઓના હિતને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં રાજ્ય સરકારની રહેણાંક સોસાયટીઓ માટેની ૭૦-૩૦ જનભાગીદારી યોજના હેઠળ મળેલી કુલ ૧૯ સોસાયટીઓની દરખાસ્તોને મંજૂરી આપી જરૂરી પ્રક્રિયા બાદ રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. મહાનગરપાલિકાના સેક્રેટરી વિભાગમાં આઉટર્સોસિંગથી બે ક્લાર્ક અને એક પટાવાળાની સેવા મેળવવા તેમજ ફાયર વિભાગમાં કરાર આધારિત ભરતી અંગેની દરખાસ્તો પણ રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત, પ્રગતિ હેઠળનાં વિવિધ વિકાસકામોની સમયમર્યાદા વધારવા અંગે ચર્ચા કરી જરૂરી મંજૂરી આપવામાં આવી હતી. શહેરમાં ગુણવત્તાયુક્ત વિકાસકામો સમયસર પૂર્ણ થાય અને નાગરિકોને સુવિધાઓનો લાભ મળે તે બાબતે ભાર મૂકવામાં આવ્યો હતો. બેઠકમાં આગામી તા. ૨૮ ઓક્ટોબરથી ૬ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન ચલા અજીતનગર ખાતે યોજાનારા ૧૦ દિવસીય સ્વદેશી મેળા-૨૦૨૬ અંગે પણ માહિતી આપવામાં આવી હતી.લોકલ ફોર વોકલના સંદેશને પ્રોત્સાહન આપવા યોજાનારા આ મેળામાં વધુમાં વધુ નાગરિકો ભાગ લે તે માટે વોર્ડના કાઉન્સિલરોને પ્રચારપ્ર-સાર કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. બેઠકમાં મ્યુનિસિપલ કમિશ્નર એન.એફ. ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલ તથા વિવિધ શાખાના અધ્યક્ષો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન મ્યુનિસિપલ સેક્રેટરી રીતેશભાઈ વાળંદે કર્યું હતું.











દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન
કરવા માટે
વેબસાઈટની
મુલાકાત લો
www.damangangatimes.com











**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**